
# આત્મધર્મ

## વર્ષ ૩૨

## સળંગ અંક ૩૮૦

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Jan 2005 | First electronic version. |




# આત્મા જ્ઞાનસ્વરૂપ છે

**આત્મા સ્વયં છે જ્ઞાનરૂપ, રે! જ્ઞાન વિણ તે શું કરે?**
**પરભાવને આત્મા કરે-એ મોહ છે વ્યવહારીનો.**

આચાર્યદેવ કહે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પોતે જ્ઞાન જ છે, તે જ્ઞાન સિવાય બીજું શું કરે? અરે પ્રાણીઓ! તમારો જ્ઞાનસ્વરૂપ આત્મા જડની ક્રિયાનો કે રાગનો કર્તા નથી એમ તમે સમજો.

જ્ઞાનસ્વરૂપ આત્માને ભૂલીને જે એમ માને છે કે અમે દેહની ક્રિયાના કર્તા અને અમે રાગના કર્તા; તેને માટે આચાર્યદેવ કહે છે કે અરે ભાઈ! 'આત્મા પરભાવનો કર્તા છે' -એ તો વ્યવહારી જીવનો મોહ છે! આત્મા ખરેખર પરભાવનો કર્તા તો છે નહીં; છતાં પરનો કર્તા માને છે તેને અહીં સમજાવે છે કે અરે જીવ! તારો એ મોહ છોડ! તારો આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, એમ તું સમજ! જ્ઞાન સાથે તન્મય એવા વીતરાગી શાંતિ-શ્રદ્ધા વગેરે ભાવો તારું સ્વકાર્ય છે, કે જે તારા આત્મસ્વભાવથી અભિન્ન છે.

તંત્રી: **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર** * સંપાદક : **બ્ર. હરિલાલ જૈન**
વીર સં. **૨૫૦૧** જેઠ ( લવાજમ: **છ રૂપિયા** ) વર્ષ **૩૨** : અંક **૮**

**૩૮૦**

# આપણે સૌ સાધર્મી

## [ સંપાદકીય ]

દુનિયામાં માતા-પુત્ર, અથવા ભાઈ-બેનનો સંબંધ નિર્દોષ ને ઉત્તમ છે, પણ સાધર્મીનો સંબંધ તો એના કરતાંય ઘણું ઊંચું સ્થાન ધરાવે છે, -એટલે તો પ્રસિદ્ધ છે કે 'સાચું સગપણ સાધર્મીતણું. ' એની તુલનામાં આવે એવો કોઈ સંબંધ હોય તો તે એક જ છે-ગુરુ અને શિષ્યનો; -પરંતુ ગુરુ-શિષ્યનો આ સંબંધ પણ અંતે તો સાધર્મીના સગપણમાં જ સમાય છે, કેમકે એક જ ધર્મને માનનારાઓમાં જે મોટા તે ગુરુ, ને નાનો તે શિષ્ય. એટલે 'સાચું સગપણ સાધર્મીતણું' -એની સૌથી ઉત્કૃષ્ટતા છે.

એક રાષ્ટ્રમાં રહેનારા વિધર્મીઓ પણ રાષ્ટ્રીયભાવના વડે એકબીજાને ભાઈ-ભાઈ સમજવામાં ગૌરવ અનુભવે છે, તો એક જિનશાસનની છાયામાં રહેનારા, ને એક જ દેવ-ગુરુ-ધર્મને ઉપાસનારાઓમાં ધાર્મિકભાવના વડે પરસ્પર જે બંધુત્વનું નિર્દોષ વાત્સલ્ય વર્તતું હોય છે, અને 'આ મારો સાધર્મી ભાઈ કે બહેન' એવું કહેતાં એના અંતરમાં જે નિર્દોષ ભાવના અને ધાર્મિક ગૌરવ વર્તે છે-તેની તુલના જગતનો એક્કેય સંબંધ કરી શકે તેમ નથી.

આપણો ધર્મ તો વીતરાગધર્મ ! તેમાં સાધર્મી-સાધર્મીના સંબંધની ઉત્કૃષ્ટતાનું બીજું કારણ એ છે કે તેમાં એકબીજાના સંબંધથી માત્ર ધાર્મિકભાવનાની પુષ્ટિ સિવાય બીજી કોઈ આશા કે અભિલાષા હોતી નથી. મને જે ધર્મ વહાલો લાગ્યો તે જ ધર્મ મારા સાધર્મી ને વહાલો લાગ્યો, એટલે તેણે મારી ધર્મભાવનાને પુષ્ટ કરી...ને એની ધર્મભાવનાને હું પુષ્ટ કરું. -આમ અરસપરસ ધર્મપુષ્ટિની નિર્દોષ ભાવના વડે શોભતું ધર્મવાત્સલ્ય જગતમાં જયવંત હો.

આપણે સૌ એક જ ઉત્તમપથના પથિક છીએ; આ કડવા સંસારમાં સાધર્મીના સંગની મીઠાશ દેખીને, ને આત્મિકચર્ચાના બે શબ્દો સાંભળીને મુમુક્ષુને અસાર સંસારનો થાક ઊતરી જાય છે, ને ધાર્મિકઉત્સાહમાં અનેરું બળ મળે છે. બસ, સાધર્મીના સ્નેહ પાસે બીજી લાખ વાતોને પણ ભૂલી જાઓ....સાધર્મી પ્રત્યે વાત્સલ્ય એ મુમુક્ષુનું આભૂષણ છે.

વીરનાથપ્રભુના અઢીહજારવર્ષીય નિર્વાણમહોત્સવના આ વર્ષમાં સર્વે સાધર્મીજનો વાત્સલ્યના પવિત્ર ઝરણામાં પાવન થાઓ.....ને આત્મહિત વડે વીરશાસનને શોભાવો.....

વાર્ષિક લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૨
અંક ૮

આત્મધર્મ

વીર સં. ૨૫૦૧
: જેઠ :
ઈ. સ. 1975
JUNE

# પધારો વીરશાસન-શણગાર



વીરશાસનના વીતરાગી-ધર્મધ્વજને જેઓ ઊંચેઊંચે ફરકાવી રહ્યા છે, જેમના પ્રતાપે વીરપ્રભુનું અને તેમના ઉપદેશનું સાચું રહસ્ય આપણને સમજાય છે, અને જેમના મંગલપ્રભાવે જિનશાસનના ધર્મચક્રનો પ્રભાવ સર્વત્ર ગાજી રહ્યો છે-એવા પૂ. શ્રી કહાનગુરુદેવ દ્વારા થતી જિનશાસનની મંગલ-પ્રભાવના જયવંત વર્તો.

# ચાલો ચર્ચા કરીએ ❁ [ સાધર્મી-સાધર્મી વચ્ચે વાતચીત ]

બે સાધર્મી મળે એટલે એકબીજાને દેખીને સહેજે આનંદ થાય; અને તેમાંય ધર્મની અવનવી વાતચીત થતાં વિશેષ આનંદ થાય...અને વધુ આગળ વધતાં જો અનુભૂતિની ઊંડીઊંડી ચર્ચાઓ થાય તો તો કેવી મજા પડે! આ વિભાગ સાધર્મીઓની એવી ચર્ચાઓ રજુ કરીને સૌને આનંદ આપશે આપ પણ આ વિભાગમાં ભાગ લઈને આનંદના ભાગીદાર બનો.

## * ચારિત્ર અને સમ્યક્ત્વ *

એક મુમુક્ષુ: ચારિત્રદશા ધારણ કર્યે જ મોક્ષ પમાય છે.

બીજો મુમુક્ષુ: એ વાત તદ્ન સત્ય છે [ પરંતુ ચારિત્રદશા સમ્યગ્દર્શન પૂર્વક જ હોય છે. સમ્યગ્દર્શન વગરના આચરણની મોક્ષમાર્ગમાં કાંઈ જ ગણતરી નથી; માટે પ્રથમ સમ્યગ્દર્શન કરજે. સમ્યગ્દર્શન તે મોક્ષમાર્ગમાં પ્રવેશવાની ટિકિટ છે એના વગર મોક્ષમાં દાખલ થવા જઈશ તો ગુનેગાર બનીશ. )

## * સુખ....જ્ઞાનથી મળે, રાગથી નહીં *

એક મુમુક્ષુ: ભૈયા, અનેકવિધ શુભભાવ કરવા છતાં જીવને જરાય સુખ કેમ નહીં મળતું હોય?

બીજો મુમુક્ષુ: અરે ભાઈ! સુખ તે કાંઈ રાગથી મળે?–ના; સુખ તો જ્ઞાનથી જ મળે. પંચમહાવ્રતનો શુભરાગ પણ અજ્ઞાનીને જરાય સુખનું કારણ નથી થતો;–ક્યાંથી થાય? એ તો રાગ છે, રાગ તે કાંઈ સુખનું કારણ હોય? રાગના ફળમાં બહારનો સંયોગ મળે, ને અંદર આકુળતા થાય, પણ કાંઈ ચૈતન્યની શાંતિ રાગથી ન મળે. આત્માના અતીન્દ્રિય સ્વરૂપને જાણનારું સમ્યગ્જ્ઞાન તે જ સુખનું કારણ છે. ચૈતન્યના જ્ઞાનથી જ શાંતિનું વેદન થાય છે. ( 'જ્ઞાનસમાન ન આન જગતમેં સુખકો કારણ' )

## * પીંછી અને મોક્ષ *

એક મુમુક્ષુ: પીંછી લીધા વગર મોક્ષ થવાનો નથી.

બીજો મુમુક્ષુ: હા, અને પીંછી છોડયા વગર પણ મોક્ષ થવાનો નથી. [ માટે પીંછી મોક્ષનું કારણ નથી; મોક્ષનું કારણ બીજું જ છે, તેને તું આત્મામાં શોધ. )

## * વીરતા- * ( ક્ષણમાં બધું છોડયું )

એક મુમુક્ષુઃ વીરતા શેમાં છે ?–ભેગું કરવામાં કે છોડવામાં ?

બીજો મુમુક્ષુઃ ચક્રવર્તીને ૯૬૦૦૦ રાણીઓનો ને છખંડનો પરિગ્રહ ભેગો કરતાં (દિગ્‌વિજયમાં) કેટલાય વર્ષો વીતી જાય છે, –એક ક્ષણમાં એ બધો પરિગ્રહ ભેગો નથી થતો; જ્યારે તે ૯૬૦૦૦ રાણીઓ ને છખંડ વગેરે બધોય પરિગ્રહ છોડવામાં તો એક ક્ષણ જ લાગે છે; તેમાં વર્ષો નથી લાગતા. જ્યાં ચૈતન્યમાં વિરક્તદશા જાગી કે એક ક્ષણમાં બધું છોડીને સંસારથી દૂર ભાગ્યા. બસ, ભોગોમાં એવી વીરતા નથી કે જેવી ત્યાગમાં વીરતા છે.

## * ભેદજ્ઞાનથી સિદ્ધિ *

એક મુમુક્ષુઃ અનંત જીવો સિદ્ધપદ પામ્યા, તેઓ કઈ રીતે પામ્યા ?

બીજો મુમુક્ષુઃ સિદ્ધો થયા જે જીવ તે સૌ જાણજો ભેદજ્ઞાનથી;
બંધ્યા અરે જે જીવ તે સૌ ભેદજ્ઞાન–અભાવથી.

ભેદજ્ઞાન જ મુક્તિસુખ પામવાનો ઉપાય છે; –આમ જાણીને હે જીવ ! તું અતૂટ ધારાએ ભેદજ્ઞાનને ભાવ; રાગાદિથી ભિન્ન શુદ્ધાત્માને જાણીને તેને જ નિરંતર ભાવ.

એક મુમુક્ષુઃ કેવળજ્ઞાની તો વીતરાગ છે એટલે કેવળજ્ઞાનમાં તો રાગનું કર્તૃત્વ ન હોય; પરંતુ સાધકનું જ્ઞાન અધૂરું છે તેમાં તો રાગનું કર્તૃત્વ હોય ને ?

બીજો મુમુક્ષુઃ સાંભળ ભાઈ ! જેમ સોનાનો મોટો કટકો લોઢાથી જુદો છે, તેમ સોનાની નાની કટકી પણ લોઢાથી જુદી છે; મોટું સોનું કે નાનું સોનું–બંને એક જાત છે; તેવી રીતે મોટું જ્ઞાન કે નાનું જ્ઞાન બંને એક જાત છે, એટલે જેમ કેવળજ્ઞાન રાગથી જુદું છે તેમ સાધકનું નાનું જ્ઞાન પણ રાગથી જુદું જ છે. એક જ પિતાના બે પુત્રોની જેમ કેવળજ્ઞાન અને મતિજ્ઞાન બંને જ્ઞાનની જ જાત છે, એક જ્ઞાનનું જ પરિણમન છે, જેમ કેવળજ્ઞાનમાં રાગનું કર્તૃત્વ નથી તેમ સમ્યગ્દ્રષ્ટિના મતિ–શ્રુતજ્ઞાનમાં પણ જ્ઞાનથી ભિન્ન રાગાદિનું કર્તૃત્વ નથી. જ્ઞાનસ્વભાવમાં જ તન્મય પરિણમતું તેનું જ્ઞાન પણ કેવળજ્ઞાનની જેમ જ રાગનું ને પરનું જ્ઞાતા છે, તેનાથી જુદું રહીને તેને જાણે છે. આવું જ્ઞાન અતીન્દ્રિયસુખને સાથે લેતું પ્રગટે છે, ને પછી વધતું–વધતું કેવળજ્ઞાનરૂપ થઈને મહાન સર્વોત્કૃષ્ટ સુખને સાધે છે. અહો, એ જ્ઞાન અને એ સુખના મહિમાની શી વાત ! આવા જ્ઞાનસ્વભાવને ઓળખીને તેનું સેવન કરો.

## * ગણધરની જેમ........સર્વજ્ઞના પુત્ર છીએ *

એક મુમુક્ષુ: મોક્ષના સાધક સમ્યગ્દૃષ્ટિને કેવી નિઃશંકતા હોય છે?

બીજો મુમુક્ષુ: અહા, એની શી વાત! મતિશ્રુતજ્ઞાની સમ્યગ્દૃષ્ટિ જાણે છે કે અમે પણ સર્વજ્ઞપદને સાધનારા સર્વજ્ઞદેવના પુત્ર છીએ. એક જ પિતાના બે પુત્રોની જેમ કેવળજ્ઞાન અને મતિજ્ઞાન બંનેની જાત એક જ છે. ગણધરો–મુનિવરો તે મોટા પુત્રો છે, ને અમે અવિરત–સમકિતી નાના પુત્ર છીએ, –નાના પણ સર્વજ્ઞના પુત્ર છીએ, એટલે રાગથી જુદા પડયા છીએ ને મોક્ષને સાધી રહ્યા છીએ. જ્ઞાન અને રાગની ભિન્નતાના ભેદજ્ઞાનવડે રાગ સાથેનું સગપણ તોડીને સર્વજ્ઞપદ સાથે સગપણ બાંધ્યું છે–તેથી અમારું ચિત્ત પરમ શાંત થયું છે, ને ગણધરાદિની જેમ અમે પણ આનંદથી પ્રભુના મોક્ષમાર્ગમાં ચાલી રહ્યા છીએ. શ્રી ગૌતમગણધરને 'सर्वज्ञपुत्र' કહ્યા છે; ('साक्षात् सर्वज्ञपुत्र.... ' આદિપુરાણ ૨–૫૪) પં. બનારસીદાસજીએ સમ્યગ્દૃષ્ટિને 'જિનેશ્વર કે લઘુનન્દન' કહ્યા છે. મુનિઓ તે બડા પુત્ર છે ને સમ્યગ્દૃષ્ટિ–ચોથા ગુણસ્થાની તે છોટાપુત્ર છે, –ભલેનાના...પણ છે સર્વજ્ઞના પુત્ર, સર્વજ્ઞની જાતના. જેમ નાનું પણ સિંહનું બચ્ચું–તે મોટા હાથીનેય ભગાડે, તેમ સમ્યગ્દૃષ્ટિ ભલે નાનો પણ સર્વજ્ઞનો પુત્ર, તેનું જ્ઞાન ભલે થોડું પણ સર્વજ્ઞની જાતનું સમ્યગ્જ્ઞાન, તે સર્વે મોહરૂપી હાથીને ભગાડી મુકે ને સિદ્ધપદને સાધે એવી તાકાતવાળું છે.

## * મહિલાવર્ષની ઉજવણી *

એક મુમુક્ષુબેનઃ બહેન! સાંભળ્યું છે કે હમણાં આખી દુનિયામાં 'મહિલાવર્ષ' ઊજવાઈ રહ્યું છે. તો આપણે બહેનોએ પણ તેમાં ભાગ ન લેવો જોઈએ?

બીજી મુમુક્ષુબેનઃ હા બહેન, જરૂર ભાગ લેવો જોઈએ. પણ તે માટે આપણે શું કરીશું? 'આત્મધર્મ' માં તેની સલાહ પુછાવીએ તો!

'ના રે બેન! તારે પૂછાવવાનીયે જરૂર નહિ પડે. જો, આ જ અંકમાં છઠ્ઠા પાને તેની વિગત આપી છે, તે ધ્યાનથી વાંચી લે...તેમાં બહુ સરસ વાત છે. '

o o o

* "આત્મધર્મ મેરા ઐસા પરમ મિત્ર હૈ જો પગપગ પર આનેવાલે પ્રતિકૂલ પ્રસંગોં પર મેરે પરિણામોંકી સંભાલ કરતા હૈ ઔર મુઝે તીવ્ર કષાયરૂપી અગ્નિમેં જલનેસે બચાતા હૈ। ઉસકે બિના મુઝે ચૈન નહીં પડતી હૈં।" –એક મુમુક્ષુ.

* એક જૈનબંધુ (જિસને અપના પત્તા નહીં લિખા) લિખતે હૈ કિ–હમને ઇસ માહકા આત્મધર્મ આજ પહલીવાર પઢા; જિસકો પઢકર ઐસા લગા કિ ધર્મ ભી કુછ ચીજ હૈ, તથા સંસાર નશ્વર હૈ। હમ સુન રહે થે કિ સોનગઢ જાકર આત્માકો કિતની શાન્તિ મિલતી હૈ! વહાં પર યદિ હવા ભી ચલતી હૈ ઔર પશુ–પક્ષી ભી બોલતે હૈ તો ઐસા લગતા હૈ જૈસે સબ મુક્તિકા માર્ગ બોલ રહે હૈં; જગહ જગહ ધર્મચર્ચા હો રહી હૈ। –યહ ધર્મચર્ચા સુનકર આત્માકો શાંતિ મિલતી હૈ। (લેખક મહોદયને ઇસકે બાદ મહિલાસમાજકી ઉન્નતિકે લિયે કોઈ સૂચના માંગી હૈ, સો ઇસ સંબંધમેં એક લેખ આપ ઈસ અંકમેં હી પઢેંગે। –સં.)

* દિલ્હીસે મહેન્દ્ર મહેતા શુભેચ્છાકે સાથ લિખતે હૈ કિ– "આત્મધર્મ" પત્રિકા પ્રાપ્ત કર અજીબોગજબ પ્રસન્નતાકા અનુભવ કર રહા હૂં। સમ્પાદન કે વક્ત વર્તમાન તથ્યમૂલકો દૃષ્ટિગત રખ–સાથ હી અનુકૂલ ચિત્રોં કે સમાવેશને પત્રિકામેં ઔર ભી જાન ડાલ દી હૈ।"

## વિવિધ સમાચાર

* પૂ. ગુરુદેવ જિનેન્દ્રભગવંતોની મંગલપ્રતિષ્ઠા, બાહુબલીયાત્રા તથા અનેકવિધ ધર્મપ્રભાવના કરીને જેઠ સુદ સાતમના રોજ પુનઃસોનગઢ પધાર્યા છે...સોનગઢ પુનઃવાજતું–ગાજતું બન્યું છે, જિનવાણી પર પ્રવચનો ચાલી રહ્યા છેઃ સવારે પ્રવચનસાર ગાથા. ૧૨૬ તથા બપોરે સમાધિશતક ગાથા ૫૦ વંચાય છે.

* કોટા શહેરમાં પૂ. ગુરુદેવ આઠદિવસ પધારતાં અધ્યાત્મ શિક્ષણશિબિર તેમજ પ્રવચનોમાં હજારો જિજ્ઞાસુઓએ ભાગ લીધો હતો. ત્યારબાદ જયપુર–મુંબઈ અને ભાવનગર થઈને ગુરુદેવ લાઠી શહેર ચારદિવસ પધાર્યા હતા. શ્રુતપંચમીના મંગલદિવસે લાઠી શહેરના જિનમંદિરને પચીસવર્ષ પૂરા થતાં ઉત્સવ મનાયો હતો. ત્યારબાદ જેઠ સુદ સાતમે પૂ. ગુરુદેવ સોનગઢ પધાર્યા છે ને સુખશાંતિમાં બિરાજી રહ્યા છે.

* शाहदरा–दिल्ही મુમુક્ષુ મંડળ તરફથી વૈશાખ સુદ બીજે ગુરુદેવની જન્મજયંતી આનંદ ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવી હતી, ને ગુરુદેવના મહાન ઉપકારને પ્રસિદ્ધ કર્યો હતો.

# ❀ મહિલા–વર્ષની ઉજવણીમાં મુમુક્ષુબેનોનું કર્તવ્ય ❀

મુમુક્ષુ બહેનો, ઘણું કરીને તમે જાણતા હશો કે અત્યારે આખી દુનિયામાં આ વર્ષ ‘મહિલાવર્ષ’ તરીકે ઊજવાઈ રહ્યું છે. જો કે તમારું આ વર્ષ કોણ ઉજવે છે ને તેની શી યોજના છે–તે સંબંધી વિશેષ માહિતી નથી, પરંતુ એટલું તો નક્કી છે કે મહિલાઓની ઉન્નતિ માટે જ આ યોજના થઈ છે; એટલે આ ‘મહિલાવર્ષ’ માં તમારી ઉન્નતિ માટે તમારે કયા પ્રકારે ભાગ લેવો જોઈએ! તે વિચારીએ.

મહિલાવર્ષમાં ભાગ લઈને આત્માની ઉન્નતિ કરવા માટે, પ્રથમ તો તમારે એવા સર્વોત્કૃષ્ટ મહિલારત્નને શોધી કાઢવા જોઈએ કે જેઓ આત્મિકવિકાસવડે ઉન્નત્તિના શિખરે પહોંચ્યા હોય! તેમનો આદર્શ લઈને તમે પણ આ મહિલાવર્ષમાં તેમના જેવા થવાનો સજ્જડ પ્રયત્ન કરો....ને એ રીતે મહિલાવર્ષની ઉજવણીનો સાચો લાભ લ્યો.

આ વિભાગમાં રસ લેનારા આપણા બેનો એ મુમુક્ષુ બહેનો છે; એટલે એમને કોઈ રાજકિય આકાંક્ષાઓ તો હોતી નથી. રાજકીયદ્રષ્ટિએ સર્વોચ્ચ શિખરે પહોંચેલા મહિલા શ્રીમતી ઈન્દિરાબેન ગાંધી, –વડાપ્રધાનની તેમની પદવી પણ મુમુક્ષુબેનને આકર્ષી નથી શકતી. મુમુક્ષુનું આકર્ષણ તો ક્યાંક બીજે જ છે: ચૈતન્યની અનુભૂતિની જ તેને આકાંક્ષા છે. અને એવી આત્મઅનુભૂતિની સફળતાને વરેલા સર્વોત્કૃષ્ટ મહિલારત્ન અત્યારે ભારતમાં પૂજ્ય શ્રી ચંપાબેન છે. એમને ઓળખી, એમની આત્મઅનુભૂતિને ઓળખી, અને એ અનુભૂતિનો ઉપાય જાણીને, આ વર્ષમાં જ સજ્જડ પ્રયત્ન વડે તેવી અનુભૂતિ પ્રાપ્ત કરી લેવી–એ જ મહિલાવર્ષની સર્વોત્તમ ઉજવણી છે, એમાં જ મહાન લાભ છે. [ એકકોર મહાવીરપ્રભુના મોક્ષના અઢીહજારવર્ષીય મહોત્સવનું વર્ષ અને બીજીકોર મહિલાઓના ઉત્કર્ષનું વર્ષ? –વાહ, કેવો સુમેળ છે!! ] મુમુક્ષુબહેનો, જાગો! આ વર્ષ તમારી ઉન્નત્તિનું વર્ષ છે! સર્વોત્કૃષ્ટ મહિલારત્ન તમને મળી ચુકયા છે, તો વીરનિર્વાણના આ વર્ષમાં એવા આનંદથી મહિલાવર્ષ ઊજવી લ્યો કે તમારી આત્મિક ઉન્નત્તિ દેખીને દુનિયા દંગ બની જાય! ને વીરશાસન શોભી ઊઠે. બીજે ક્યાંય રોકાશો નહિ; તમારા આ વર્ષને તમારી આત્મિક–ઉન્નત્તિનું જ વર્ષ બનાવી દેજો.

બહેનો! આપણે મહિલાવર્ષને બદલે એક ‘મહિલા સપ્તાહ’ ઉજવીએ. ક્યારે ઉજવીશું? **વાત્સલ્યવંતી શ્રાવણ સુદ પૂનમથી શરૂ કરીને શ્રાવણ માસના ત્રીજા સપ્તાહને ‘મુમુક્ષુ–મહિલા સપ્તાહ’ તરીકે ઉજવીએ,** –કેમકે ભારતના સર્વોત્કૃષ્ટ

મહિલારત્ન આપણને એ સપ્તાહમાં મળ્યા છે. અહો! ધર્મના આવા રત્નને પામીને જાગૃત બનો, ને ‘મહિલા સપ્તાહમાં મુમુક્ષુતાની અપૂર્વ જાગૃતિ’ વડે આત્મલાભ પામીને દુનિયામાં જૈનશાસનના ડંકો વગાડો. જય મહાવીર ( –સં. )

## વીરનિર્વાણમહોત્સવમાં વીરબાળકોનો ઉત્સાહ

અઢીહજારવર્ષીય વીરનિર્વાણમહોત્સવમાં વીર બાળકો તરફથી જે અઢીહજાર પૈસા ( પચ્ચીસ રૂપિયા ) બાલવિભાગમાં આવેલ છે. તેની યાદી–

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૮૮ | યોગેશચન્દ્ર, રાજેશચન્દ્ર જૈન | અલીગંજ | ૬૦૧ | શાશી જૈન સુપુત્રી પદ્યાવતીબેન | ઈમ્ફાલ |
| ૫૮૯ | અજીતકુમાર ચીમનલાલ જૈન | પાદરા | ૬૦૨ | સુવર્ણાબેન લાલચંદ મહેતા | મલાડ |
| ૫૯૦ | રસિકલાલ નાગરદાસ મોદી | મુંબઈ | ૬૦૩ | એક બેન તરફથી | વાંકાનેર |
| ૫૯૧ | લીલાવતીબેન વૃજલાલ મોદી | મુંબઈ | ૬૦૪ | કલ્પનાબેન કીશોરચંદ્ર જૈન | સુરેન્દ્રનગર |
| ૫૯૨ | રશ્મીકાંત વૃજલાલ મોદી | મુંબઈ | ૬૦૫ | કીર્તિ વસંતલાલ જોબાલીયા | મુંબઈ |
| ૫૯૩ | પૂર્ણિમાબેન રશ્મીકાંત મોદી | મુંબઈ | ૬૦૬ | ધીરજલાલ મંગજીભાઈ ચોવટીયા | કલકત્તા |
| ૫૯૪ | ઇન્દિરાબેન જમનાદાસ શાહ | મુંબઈ | ૬૦૭ | કંચનબેન ધીરજલાલ જૈન | કલકત્તા |
| ૫૯૫ | પ્રેમચંદ મગનલાલ શેઠ | રાણપુર | ૬૦૮ | રજનીકાંત ધીરજલાલ જૈન | કલકત્તા |
| ૫૯૬ | હસમુખલાલ કેશરીમલ જૈન | શિવગંજ | ૬૦૯ | ભારતીબેન રજનીકાંત જૈન | કલકત્તા |
| ૫૯૭ | બાલચંદ ખેમચંદ જૈન | બાહુબલી | ૬૧૦ | ભાવેશકુમાર રજનીકાંત જૈન | કલકત્તા |
| ૫૯૮ | ચંદ્રેશ જૈન | દિલ્હી | ૬૧૧ | બીનાબેન રજનીકાંત જૈન | કલકત્તા |
| ૫૯૯ | રાજમલ જૈન | ઉદેપુર | ૬૧૨ | પુનિતાબેન રજનીકાંત જૈન | કલકત્તા |
| ૬૦૦ | બી. કે. કામદાર | મુંબઈ | | | |

[ આ ઉપરાંત રૂા. ૧૦૧/– અંબેશકુમાર રમણિકલાલ જૈન મુંબઈવાળા તરફથી, તથા રૂા. ૧૦૧/–પુષ્પરાજ ચોપડા સંબલપુરવાળા તરફથી આત્મધર્મ પ્રચારાર્થે આવ્યા છે. ] તા. ૧૨–૬–૭૫ સુધી

* અમદાવાદમાં વૈશાખ સુદ બીજ પછી ગુરુદેવ સુરેન્દ્રનગર તથા રાજકોટ પધાર્યા હતા. ત્યાં હજારો જિજ્ઞાસુઓએ લાભ લીધો હતો. સંવર અધિકાર ઉપરનાં પ્રવચનમાં ગુરુદેવે ભેદજ્ઞાનનું સ્વરૂપ સમજાવ્યું હતું. ત્યારબાદ ગુરુદેવ જામનગર પધાર્યા હતા. અહીં સ્વાધ્યાય મંદિર થયું છે અને તેમાં સમયસારની ગાથાઓ આરસમાં કોતરેલી છે, તેનું ઉદ્ઘાટન ગુરુદેવની મંગલ છાયામાં ભાઈશ્રી ગુલાબચંદ ભારમલના હસ્તે થયું હતું. બાલિકાઓએ ‘અંજના–સતી’ નું વૈરાગ્યપ્રેરક નાટક કર્યું હતું.

# ❁ માતા સે પ્યાર ❁

( જિનવાણી સ્તવન )

મુઝકો અપને આગમકી વાણીસે અનુપમ પ્યાર હૈ,
ઈસ વાણીકો જન્મ દિયા થા, ત્રિશલાનન્દન ‘વીર’ ને,
ઈસ વાણીકી મહિમા ગાઈ, કુંદ કુંદ આચાર્યને.
ઈસ આગમકે આગે મસ્તક ઝુકતા બારંબાર હૈ,
મુઝકો અપને આગમકી વાણીસે અનુપમ પ્યાર હૈ.
ઈસ વાણીકી અનુપમ ગાથા, ગાઈ ‘અમૃતચંદ્ર’ને;
ઈસ વાણીકો ધારો ભૈયા, ચલ દો સમયસારમેં.
સીમંધરકી દિવ્યધ્વનિકી છાઈ ઈસમેં બહાર હૈ;
મુઝકો અપને આગમકી વાણીસે અનુપમ પ્યાર હૈ.
અપને અપને અંદર દેખો, નિજ આતમ ભગવાન હૈ,
ઈસ વાણીસે અનુભવ કરલો, હો જાયે કલ્યાણ હૈ.
ઈસ અનુભવકો પાઓ હર ક્ષણ ચેતન-ચમત્કાર હૈ;
મુઝકો અપને આગમકી વાણીસે અનુપમ પ્યાર હૈ.

[ સંતોષકુમાર જૈન, બીના ]

## આપના ઘરમાં નિધાન

આપના ઘરમાં ઉત્તમ ધર્મસાહિત્ય અને ‘આત્મધર્મ’ વસાવો.
તે સાહિત્ય આપના વંશ–પરિવારને માટે એકવાર ઉત્તમ નિધાન થઈ પડશે.
સોના–ઝવેરાત કરતાંય ઉત્તમ–વીતરાગી સાહિત્યવડે આપનું ઘર વધુ શોભી ઉઠશે.

વાર્ષિક લવાજમ રૂા. ૬/– : આત્મધર્મ કાર્યાલય, સોનગઢ ( ૩૬૪૨૫૦ )

* સમ્યગ્દર્શન પુસ્તક છઠ્ઠું નવીન પ્રકાશન કિંમત રૂા. ત્રણ
* પંચ પરમાગમની પ્રસાદી નવીન પ્રકાશન કિંમત રૂા. અઢી

# અધ્યાત્મ રસ - ઘોલન

## નવીન સ્વાધ્યાય

### [ પાહુડ દોહાનો અનુવાદઃ લેખાંક [ ૬ ]

૧૯૭. હે જીવ! તું જિનવરને ધ્યાવ, ને વિષય-કષાયોને છોડ. હે વત્સ! એમ કરવાથી દુઃખ તને કદી નહિ દેખાય, અને તું અજર-અમર પદને પામીશ.

૧૯૮. હે વત્સ! વિષય કષાયોને છોડીને મનને આત્મામાં સ્થિર કર, એમ કરવાથી ચારગતિના ચૂરા કરીને તું અતૂલ પરમાત્મપદને પામીશ.

૧૯૯. હે મન! ઇન્દ્રિયોના ફેલાવને તું રોક અને પરમાર્થને જાણ. જ્ઞાનમય આત્માને છોડીને બીજા જે કોઈ શાસ્ત્ર છે તે તો વિડંબના છે.

૨૦૦. હે જીવ! તું વિષયોનું ચિંતન ન કર; વિષયો કદી ભલા નથી હોતા; હે વત્સ! સેવતાં તો તે વિષયો મધુર લાગે છે પણ પછી તે દુઃખ દે છે.

૨૦૧. જે જીવ વિષય-કષાયોમાં રંજિત થઈને આત્મામાં ચિત્ત નથી જોડતો, તે દુષ્કૃત કર્મોને બાંધીને દીર્ઘ સંસારમાં રખડે છે.

૨૦૨. હે વત્સ! ઇન્દ્રિયવિષયોને છોડ; મોહને પણ છોડ; પ્રતિદિન પરમપદને ધ્યાવ કે જેથી તને એવો વ્યવસાય થશે, -અર્થાત્ તું પણ પરમાત્મા બની જઈશ.

૨૦૩. નિર્જિતશ્વાસ, નિસ્પંદ લોચન અને સકલ વ્યાપારથી મુક્ત, -આવી અવસ્થાની પ્રાપ્તિ તે યોગ છે, -એમાં સંદેહ નથી.

૨૦૪. મનનો વેપાર અટકી જાય, રાગ-દ્વેષના ભાવો છૂટી જાય અને આત્મા પરમપદમાં પરિસ્થિત થાય, -ત્યારે નિર્વાણ થાય છે.

૨૦૫. હે જીવ! તું આત્મસ્વભાવને છોડીને વિષયોને સેવે છે, તો તે વ્યવસાય એવો છે કે તું દુર્ગતિમાં જઈશ.

૨૦૬. જેમાં નથી કોઈ મંત્ર કે નથી તંત્ર, નથી ધ્યેય કે નથી ધારણા, શ્વાસોશ્વાસ પણ નથી, -એ કોઈને કારણ બનાવ્યા વગરનું જે પરમસુખ છે તેમાં મુનિ સુએ છે- લીન થાય છે,-ત્યાં આ કોઈ ગરબડનો કલબલાટ તેમને રૂચતો નથી.

૨૦૭. વિશેષ ઉપવાસ કરવાથી ( -પરમાત્મામાં વસવાથી ) ઘણો સંવર થાય છે. વધુ

વિસ્તાર શા માટે પૂછે છે? –હવે કોઈને ન પૂછ.

૨૦૮. હે જીવ! જિનવરે કહેલ સુપ્રસિદ્ધ તપ કર, દશવિધ ધર્મ કર; એ રીતે કર્મની નિર્જરા કર. –આ મેં તને સ્પષ્ટ માર્ગ બતાવ્યો.

૨૦૯. અહો જીવ! જિનવરભાષિત દશવિધ ધર્મને તથા સારભૂત અહિંસા ધર્મને તું એકાગ્રમનથી એવી રીતે ભાવ, –કે જેથી તું સંસારને તોડી નાંખ.

૨૧૦. ભવભવમાં મારું સમ્યગ્દર્શન નિર્મળ રહો, ભવભવમાં હું સમાધિ કરું, ભવભવમાં ઋષિ–મુનિ મારા ગુરુ હો, અને મનમાં ઉત્પન્ન થતા વ્યાધિનો નિગ્રહ હો.

૨૧૧. હે જીવ! રામસિંહમુનિ એમ કહે છે કે તું બાર અનુપ્રેક્ષાને એકાગ્રમનથી એવી રીતે ભાવ કે જેથી શિવપુરીને પામ.

૨૧૨. જે શૂન્ય છે તે સર્વથા શૂન્ય નથી; ત્રણભુવનથી શૂન્ય (ખાલી) હોવાથી તે (આત્મા) શૂન્ય દેખાય છે (–પણ સ્વભાવથી તો તે પૂર્ણ છે). આવા શૂન્ય–સદ્‌ભાવમાં પ્રવેશેલો આત્મા પુણ્ય–પાપને પરિહરે છે.

૨૧૩. રે અજાણ્યા! બે પંથમાં ગમન નથી થઈ શકતું, બે મુખવાળી સોયથી ગોદડી નથી સીવાતી; તેમ ઈંદ્રિયસુખ અને મોક્ષ–એ બે વાત પણ એકસાથે હોતી નથી.

૨૧૪. ઉપવાસવડે પ્રતપન થતાં દેહ સંતપ્ત થાય છે, ને તે સંતાપથી ઈંદ્રિયોનું ઘર બળી જાય છે. –એ જ મોક્ષનું કારણ છે.

૨૧૫. અરે, તે ઘરમાં ભોજન રહેવા દો કે જ્યાં સિદ્ધનું અપવર્ણન થતું હોય. એવા (સિદ્ધનો અવર્ણવાદ કરનારા) જીવો સાથે જયકાર કરવાથી અર્થાત્ તેની પ્રશંસા કરવાથી પણ સમ્યક્‌ત્વ મલિન થાય છે.

૨૧૬. હે. યોગી! પૃથ્વી પર ભ્રમણ કરતાં જો માણેક મલી જાય, તો તે પોતાના કપડામાં બાંધી લેજે, અને એકાન્તમાં બેસીને દેખજે. (સંસારભ્રમણમાં સમ્યક્‌ત્વરત્ન પામીને એકાંતમાં ફરીફરીને તેની સ્વાનુભૂતિ કરજે. લોકનો સંગ કરીશ મા.)

૨૧૭. જે વાદવિવાદ કરે છે, જેની ભ્રાંતિ મટી નથી, જે પોતાની બડાઈમાં ને મહાપાપમાં રક્ત છે, તે ભ્રાંત થઈને ભમ્યા કરે છે.

૨૧૮. આહાર છે તે કાયાની રક્ષા અર્થે છે; કાયા જ્ઞાનના સંપાદન માટે છે; જ્ઞાન કર્મના નાશને માટે છે; અને કર્મના નાશથી પરમપદની પ્રાપ્તિ થાય છે.

૨૧૯. કાળ, પવન, સૂર્ય અને ચંદ્ર એ ચારે એકઠા રહ્યા છે. હે જોગી! હું તને પૂછું છું કે તેમાંથી પહેલાં કોનો વિનાશ થશે?

૨૨૦. ચંદ્ર પોષણ કરે છે, સૂર્ય પ્રજ્વલિત કરે છે, પવન હીલોળા ખવડાવે છે, અને કાળ સાત રાજુના અંધકારને પીલીને કર્મને ખાઈ જાય છે.

૨૨૧. મુખ અને નાસિકાની મધ્યમાં જે સદા પ્રાણોનો સંચાર કરે છે, અને જે સદા આકાશમાં વિચરે છે તે જીવ છે, તેનાથી આત્મા જીવે છે. (અથવા જે મુખ અને નાસિકાની વચ્ચે પ્રાણવાયુનો સંચાર કરે છે અને આકાશમાં સદા વિચરણ કરે છે તે પ્રાણવાયુ વડે સંસારીજીવો જીવે છે.)

૨૨૨. જે જીવ આપદાથી મૂર્છિત થયેલો છે તે તો પાણીની એક અંજલિ છાંટવાથી પણ જીવંત થઈ જાય છે; પણ જે ગતજીવ છે-મૃત્યુ પામ્યો છે તેને તો હજારો ઘડા પાણી રેડવાથી પણ શું? (-તેમ જે જીવમાં મુમુક્ષુપણું છે તે તો થોડાક ઉપદેશ વડે પણ જાગૃત થઈ જાય છે, પણ જેનામાં મુમુક્ષુપણું નથી તેને તો હજારો શાસ્ત્રોનો ઉપદેશ પણ નિષ્ફળ છે.)

ઈતિ પ્રાભૃત-દોહા સમાપ્ત

[શ્રી યોગીન્દુદેવરચિત, (અથવા તો શ્રી મુનિ-રામસિંહરચિત) અપભ્રંશ-ભાષાકાવ્ય 'પાહુડ દોહા' ના ૨૨૨ દોહરાઓનો હિંદી અનુવાદ સ્વ. પ્રોફેસર હીરાલાલ જૈને કરેલ; તેના ઉપરથી, સંશોધનપૂર્વક આ ગુજરાતી અનુવાદ કરેલ છે. આગામી અંકથી કોઈ બીજાું શાસ્ત્ર શરૂ કરીશું. -બ્ર. હ. જૈન]

।। जैन जयतु शासनम् ।।

## ❀ જન્મીને શું કર્યું? ❀

ભાઈ! આ તો સર્વજ્ઞનો નિર્ગ્રંથમાર્ગ છે. જો તું સ્વાનુભવ વડે મિથ્યાત્વની ગાંઠ ન તોડ તો નિર્ગ્રંથમાર્ગમાં કઈ રીતે આવ્યો? જન્મ-મરણની ગાંઠને જો ન તોડી તો જૈનકુળમાં જન્મીને તેં શું કર્યું? ભાઈ, આવો અવસર મળ્યો તો એવો ઉદ્યમ કર કે જેથી આ જન્મ-મરણની ગાંઠ તૂટે ને અલ્પકાળમાં મુક્તિ થાય. તને પોતાને એવો સંતોષ થાય કે જૈનકુળમાં જન્મીને આત્માના હિત માટે કરવા જેવું કામ મેં કરી લીધું છે...હું કૃતકૃત્ય છું.

# સમ્યક્ત્વની અપૂર્વ ક્ષણ

## [ સમ્યક્ત્વજીવન-લેખમાળાઃ લેખાંક ૧૫ ]

–અને પછી તો એક એવી ક્ષણ આવે છે કે આત્મા કષાયોથી છૂટીને ચૈતન્યના પરમ ગંભીર શાંતરસમાં ઠરી જાય છે...પોતાનું અત્યંત સુંદર મહાન અસ્તિત્વ આખેઆખું સ્વ-સંવેદનપૂર્વક પ્રતીતમાં આવી જાય છે. –એ જ છે સમ્યગ્દર્શન! એ જ છે મંગલ ચૈતન્યપ્રભાત! અને એ જ છે મહાવીરનો માર્ગ!

અહા, એ અપૂર્વદશાની શી વાત! વહાલા સાધર્મીઓ! આનંદથી પ્રભુના આ માર્ગમાં આવો....ને મોક્ષની મજા ચાખો.

આ જીવ સંસારમાં અનાદિથી રખડયો છે–તે માત્ર એક આત્માના ભાન વિના. જીવે અનંતવાર પુણ્ય–પાપના પરિણામ કર્યાં છે, તેમાં કંઈ આશ્ચર્ય કે નવાઈ પામવા જેવું લાગતું નથી. અને તે પુણ્ય–પાપની વાત પણ તેને વારંવાર સાંભળવા મળે છે, એટલે તેની કંઈ જ મહત્તા નથી, તેમાં કંઈ હિત નથી.

હવે કોઈ મહાન પુણ્યોદયે જીવને પોતાના શુદ્ધસ્વરૂપની, એટલે કે પુણ્ય–પાપથી પાર ચૈતન્યસ્વરૂપ આત્માની વાત સાંભળવા મળી.

જ્ઞાની–ગુરુ પાસેથી આત્માનું સ્વરૂપ સાંભળતાં અપૂર્વ ભાવ જાગ્યો કે–અહો! આવું મારું સ્વરૂપ છે! આવો મહાન સુખ–શાંતિ–આનંદ–પ્રભુતાનો ચૈતન્યખજાનો મારા પોતામાં જ ભર્યો છે–એમ જાણીને તેને બહુ જ આશ્ચર્ય થાય છે, આત્માનો અપૂર્વ પ્રેમ જાગે છે, ને આવું મજાનું અદ્‌ભુત સ્વરૂપ બતાવનારા દેવ–ગુરુનો તે અપાર ઉપકાર માને છે. તેને આત્માની ધૂન લાગે છે કે–બસ, મારું આવું આત્મસ્વરૂપ છે તેને હવે કોઈ પણ પ્રકારે હું જાણું ને અનુભવમાં લઉં. એ સિવાય મને બીજે ક્યાંય શાંતિ થવાની નથી. અત્યારસુધી હું પોતે પોતાને ભૂલીને હેરાન થઈ ગયો. પણ હવે ભવકટ્ટી કરીને મોક્ષને સાધવાનો અવસર આવ્યો છે.

–આમ આત્માની ખરી જિજ્ઞાસાપૂર્વક તે જીવ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે છે. હું કોણ ? પર કોણ ? હિત શું ? અહિત શું ? એમ તે ભેદ કરતાં શીખે છે; આત્માને દેહાદિથી ભિન્ન લક્ષમાં લઈને પોતાના પરિણામને વારંવાર આત્મસન્મુખ વાળવા પ્રયત્ન કરે છે. આમ સમ્યગ્દર્શન પામવા માટે તે મુમુક્ષુની રહેણી–કરણી તથા વિચારધારા સતત એક આત્મવસ્તુ તરફ જ કેન્દ્રિત થવા માંડે છે; એટલે તેની રહેણી–કરણી બીજા જીવો કરતાં જુદી જાતની હોય છે. તેને આત્મા સિવાય બીજે બધેય નિરસતા લાગે છે; તેને તો બસ એક આત્મસન્મુખ જ થવાનું ગમે છે, તેના પરિણામમાં એક પ્રકારનો ફેરફાર થઈ જાય છે; તે ભગવાનના દર્શન–પૂજન, સ્વાધ્યાય–ચિંતન, મુનિસેવા–દાન વગેરે કાર્યોમાં પ્રવર્તે છે, પણ તેમાંય આત્મા કેમ સમજાય–તે ધ્યેય મુખ્ય રાખે છે, એટલે સતત આત્મજાગૃતિ વડે તે તરફ તે આગળ વધે છે. કોઈ કોઈ વાર આત્મામાં નવીન ભાવોની સ્ફુરણા થતાં તેને અંતરનો ઉમળકો ઊછળી જાય છે, તેમાંથી ચૈતન્ય–ચિનગારી ઝબકી ઊઠે છે.

અનાદિથી નહિ જાણેલા આત્માને જાણતાં તેને પરમ ઉલ્લાસ અને અપૂર્વ તૃપ્તિ થાય છે કે અહો ! મારું આવું અદ્ભુત નિજપદ મને પ્રાપ્ત થયું.

આત્માનો સાચો જિજ્ઞાસુ થઈને તેને માટે જે ઉદ્યમ કરે છે તેનો ઉદ્યમ જરૂર સફળ થાય છે, ને તેને આત્માની પ્રાપ્તિ થાય છે, મહાન સુખ થાય છે. માટે–જેમ ધનનો અભિલાષી રાજાને ઓળખીને શ્રદ્ધાપૂર્વક તેની સેવા કરે છે તેમ મુમુક્ષુએ જ્ઞાનસ્વરૂપ આત્માને ઓળખીને શ્રદ્ધાપૂર્વક સર્વ ઉદ્યમથી તેનું સેવન કરવું. –એના વડે આત્મા જરૂર સધાય છે.

સૌથી પહેલાં તો તે પદ પ્રાપ્ત કરવા માટે તેનો અપાર મહિમા ભાસે છે; પૂર્વે નહિ થયેલો એવો અપૂર્વ આનંદ અનુભવવા માટેની તેને ખુમારી જાગે છે. જ્ઞાનીની અદ્ભુત આત્મખુમારીને જ્ઞાની જ જાણે છે, જેને એનો સ્વાનુભવ થાય તેને જ તેની ખબર પડે. બાકી તો વાણીથી, બાહ્યચિહ્નોથી કે રાગથી તેની ઓળખાણ થતી નથી. જ્ઞાનીની સ્વાનુભૂતિના પંથ જગતથી ન્યારા છે, એની ગંભીરતા તો એના અંતરમાં જ સમાય છે. તે એકલો–એકલો અંતરમાં આનંદ કરતો–કરતો મોક્ષપંથે જઈ રહ્યો છે; તેને જગતની દરકાર રહેતી નથી, ધર્મના પ્રસંગે કે ધર્માત્માના સંગે તેને અનેરો ઉલ્લાસ આવે છે જિનમાર્ગના પ્રતાપે મને મારું સ્વરૂપ પ્રાપ્ત થયું, આત્મામાં અપૂર્વ ભાવો જાગ્યા; હવે આ સ્વરૂપને પૂર્ણ પ્રગટ કરીને અલ્પકાળમાં જ હું પરમાત્મા થઈશ, ને આ સંસારચક્રથી છૂટીને મોક્ષપુરીમાં જઈશ અને સદાને માટે સિદ્ધાલયમાં અનંત સિદ્ધોની સાથે બિરાજીશ ! વાહ..ધન્ય એ દશા ! તેનો મંગલપ્રારંભ થઈ ચુક્યો છે ! 卐

# અફર મુમુક્ષુ દશા

## –તે પ્રગટ કરો ને મહાવીરના માર્ગમાં આવી જાઓ.

### [ સમ્યક્ત્વ-જીવન લેખમાળા : લેખાંક-૧૬ ]

અહા, મુમુક્ષુની વિચારધારા એવા કોઈ અપૂર્વ ભાવે ઊપડી છે કે તેમાં રાગનો રસ તૂટતો જાય છે. પૂર્વે ૧૧ અંગ ભણ્યો ને તે નિષ્ફળ ગયું તેના કરતાં આનું જ્ઞાન કોઈક જુદી જાતનું કામ કરે છે, ને આ જ્ઞાનના સંસ્કાર નિષ્ફળ જવાના નથી; તે તો રાગથી જુદું પડીને ચૈતન્યનું સ્વસંવેદન કરશે જ; –અને તે પણ અલ્પકાળમાં જ! વાહ, આ મુમુક્ષુદશા પણ ધન્ય છે! તે એવી અફર છે કે આગળ વધીને સમ્યક્ત્વ લેશે જ, સાધર્મીઓ! વીરનિર્વાણના આ ૨૫૦૦ વર્ષીય મહાન ઉત્સવમાં આવી મંગલમય જ્ઞાનદશા શીઘ્ર પ્રગટ કરો ને મહાવીરપ્રભુના માર્ગમાં આવી જાઓ. ( બ્ર. હ. જૈન )

સમ્યક્ત્વસન્મુખ જીવની ભાવના એવી ઉત્કૃષ્ટ હોય છે કે મારે જ્ઞાની ગુરુ પાસે જવું છે, મારે એવા સંતોના ધામમાં રહેવું છે કે જ્યાં મને મારા આત્માનું જ્ઞાન થાય, ને હું ભવદુઃખથી છૂટું. –આમ પોતાના હિત માટે આત્મા વિષે નવું નવું જાણવાની ઉત્કંઠા રહે છે. અને ગુરુનો ઉપદેશ ઝીલતાં તેને અંતર્વિચારનાં દ્વાર ખુલી જાય છે. તેને ખ્યાલ આવે છે કે આત્મઅનુભૂતિ માટે મારે હવે મારા અંતરમાં શું કરવાનું છે! આવું લક્ષ થયા પછી તો અનુભૂતિ માટે તે એવો ઝંખતો હોય છે કે જેવો ખેડૂત વરસાદ માટે ઝંખે, ને બાળક પોતાની વહાલી માને ઝંખે. આવી ઝંખનાને લીધે તેના વિચાર–વિવેક વધતા જાય, આત્માનો રસ વધતો જાય, ને આત્મામાં ઊંડો....ઊંડો ઊતરતો જાય. બસ, હવે હમણાં આત્માનું સમ્યગ્દર્શન પામું–એ જ કામ મારે કરવાનું છે. આવી તેની વિચારધારા હોય છે.

–તેને ભેદજ્ઞાનના વિચારના બળથી અંતરમાં શાંતિ આવતી જાય છે,–કે જે શાંતિ રાગમાંથી આવેલી નથી, અંતરના કોઈક ઊંડાણમાંથી આવેલી છે.–આમ પોતાના વેદનથી તેને અંતરનો માર્ગ ઊઘડતો જાય છે; તે માર્ગ જેમ જેમ વધુને વધુ સ્પષ્ટ થતો જાય છે તેમ તેમ તેનો ઉત્સાહ પણ વધતો જાય છે.–હવે તેને માર્ગમાં સન્દેહ નથી પડતો, કે પંથ અજાણ્યો નથી લાગતો.

અને પછી તો એક એવી ક્ષણ આવે છે કે આત્મા કષાયોથી છૂટીને ચૈતન્યના પરમ ગંભીર શાંતરસમાં ઠરી જાય છે...પોતાનું અત્યંત સુંદર મહાન અસ્તિત્વ આખેઆખું સ્વસંવેદનપૂર્વક પ્રતીતમાં આવી જાય છે.–એ જ સમ્યગ્દર્શન! એ જ છે સાધ્યની સિદ્ધિ! એ જ છે મંગલ ચૈતન્યપ્રભાત! અને એ જ છે મહાવીરનો માર્ગ!

અહો, એ અપૂર્વ દશાની શાંતિની શી વાત! વહાલા સાધર્મી ભાઈ–બહેનો! વિચારો તો ખરા, કે જૈનશાસનના સર્વે સંતોએ જેની ખૂબખૂબ પ્રશંસા કરી છે–તે અનુભૂતિ કેવી હશે! એ વસ્તુનો મહિમા લક્ષમાં લઈને તેનો નિર્ણય કરો. એના નિર્ણયથી તમને અપાર આત્મબળ મળશે ને શીઘ્ર તમારું કાર્ય સિદ્ધ થશે. બસ, બંધુઓ ?–

*** શીઘ્ર આત્મનિર્ણય કરો...... ***
*** આનંદમય અનુભૂતિ કરો...... ***
*** અપૂર્વ શાંતિનું વેદન કરો...... ***
*** ને મોક્ષના માર્ગમાં આવી જાઓ. ***

**-આ ભગવાન મહાવીરનો સન્દેશ છે;**
**ને આ જ તેમના નિર્વાણમહોત્સવની સાચી અંજલિ છે.**

**卐 જય મહાવીર 卐**

[ સ્વાનુભવરસઝરતી સમ્યક્ત્વ–લેખમાળામાં બીજા આઠ લેખો સમાપ્ત થયા. ]

## કેવો છોકરો!

**અહા, આઠ વરસનો એક છોકરો કેવળજ્ઞાનીપણે આકાશમાં વિચરતો હશે... ને દિવ્યધ્વનિવડે લાખોકરોડો જીવોને પ્રતિબોધતો હશે...એનો દિવ્યદેદાર કેવો હશે!! ઈન્દ્ર-ચક્રવર્તીઓ એના ચરણોને પૂજતા હશે!!**

**વાહ રે વાહ, આત્મા! તારી તાકાતની શી વાત!!**

# અપૂર્વ શાંતિ પામવા આત્માને ઓળખો

## [ લેખાંક : છઠ્ઠો ]

ભગવાન મહાવીરે આત્માની સહજ શાંતિ પામવાનો જે સ્વાધીનમાર્ગ, બતાવ્યો, અને સંતોએ જેને પ્રવાહિત રાખીને અહીં આપણા સુધી પહોંચાડયો, તે માર્ગને મહાભાગ્યથી શ્રીગુરુપ્રતાપે પ્રાપ્ત કરીને, તેના દ્વારા અપૂર્વ આત્મશાંતિનો લાભ લ્યો.

અગ્રાહ્ય એવા ક્રોધાદિ વિકારીભાવોને પોતાના સ્વરૂપમાં જે ગ્રહતો નથી, અને ગૃહીત એવા પોતાના અનંત જ્ઞાનાદિસ્વરૂપને જે કદી છોડતો નથી, જે સર્વથા સર્વને જાણે છે–એવો સ્વસંવેદ્ય હું છું–એમ ધર્મી જાણે છે. જેઓ આત્માની અપૂર્વ શાંતિને ચાહતા હોય તેઓ આવા આત્માને સ્વસંવેદનથી જાણો.

સમકિતી પોતાના આત્માને શરીરરૂપ કે રાગાદિરૂપ નથી માનતો, પણ જ્ઞાયકસ્વરૂપ જ માને છે. અનાદિથી જ આત્મા જ્ઞાનાદિસ્વરૂપ છે, તે સ્વરૂપથી આત્મા કદી છૂટતો નથી; અને ક્રોધાદિસ્વરૂપ કદી થઈ જતો નથી. ક્ષણિક પર્યાયમાં ક્રોધાદિ છે પણ તે પર્યાય જેટલો જ આત્મા સમકિતી માનતો નથી. તે ક્રોધાદિને પોતાના સ્વરૂપથી બાહ્ય જાણે છે, ને જ્ઞાનાનંદમય સ્વભાવને જ તે પોતાના અંતર્સ્વરૂપે ગ્રહણ કરે છે. આ રીતે સ્વસંવેદનમાં ઉપયોગસ્વરૂપ આત્માને ક્રોધાદિથી જુદો અનુભવવો તે પરમાત્મા થવાનો ઉપાય છે, તે જ સાચી શાંતિની રીત છે.

મારો આત્મા ઉપયોગસ્વરૂપ છે તે ઉપયોગમાં જ છે, ને ક્રોધાદિમાં નથી; તથા ક્રોધાદિભાવો મારા ઉપયોગમાં નથી; આવું ભેદજ્ઞાન જ્યારે થાય છે ત્યારે તે અંતરાત્મા ક્રોધાદિ પરભાવોમાં એકતાપણે કદી પરિણમતો નથી, ક્રોધાદિને આત્માના સ્વરૂપપણે ગ્રહતો નથી, અને 'હું તો જ્ઞાયક છું' –એમ શ્રદ્ધા–જ્ઞાનમાં ગ્રહણ કર્યું છે તેને કદી છોડતો નથી, પોતાના આત્માને જ્ઞાયકસ્વરૂપે જ સ્વીકારે છે. –અને તે જ્ઞાનભાવ શાંતિરૂપ જ છે. ક્રોધ તે અશાંતિ છે, જ્ઞાન તે શાંતિ છે.

જેમ કોઈ પુરુષ રાત્રે અંધારામાં કોઈ માણસને મળવા ગયો હોય, ત્યાં ઝાડના ઠૂંઠાને દેખીને ભ્રમણાથી એમ માની લ્યે કે આ માણસ છે, એમ માનીને તેને બોલાવે,– ‘ભાઈ બોલોને! કેમ બોલતા નથી? મારાથી કેમ રીસાણા છો?’ પણ ઠૂંઠું તો કાંઈ બોલે નહિ, એટલે ખીજાઈને બાથ ભરવા જાય, ત્યાં ખબર પડે કે અરે! આ તો ઝાડનું ઠૂંઠું! મેં તેને માણસ માનીને અત્યાર સુધી વ્યર્થ ચેષ્ટાઓ કરી. તેમ અજ્ઞાની જીવ આ દેહને જ આત્મા માની રહ્યો છે, દેહ તો ઝાડના ઠૂંઠા જેવો જડ છે છતાં તેને જ જીવ માનીને ‘હું બોલું, હું ખાઉં’ એમ અજ્ઞાની વ્યર્થ ચેષ્ટાઓ કરે છે. ધર્મી જાણે છે કે અરે, મેં પણ પહેલાં અજ્ઞાનદશામાં શરીરને આત્મા માનીને ઉન્મત્તવત્ વ્યર્થ ચેષ્ટાઓ કરી; હવે ભાન થયું કે અહો, હું તો જ્ઞાનાનંદસ્વરૂપ જ છું, આ દેહ તો જડ અચેતન છે; દેહથી હું અત્યંત જુદો જ છું, પૂર્વે પણ જુદો જ હતો પણ ભ્રમથી તેને મારો માનીને મેં વ્યર્થ ચેષ્ટાઓ કરી હતી.

આ શરીર તો ઝાડના ઠૂંઠાની જેમ સદાય જડ મૃતકકલેવર છે, પણ અજ્ઞાની જીવ મોહથી આ શરીર તે જ હું છું એમ માનીને તેની સાથે વ્યર્થ ચેષ્ટાઓ કરે છે, અજ્ઞાની જીવ આ જડ દેહરૂપી મડદાને જીવતું માનીને (એટલે કે તેને જ આત્મા માનીને) અનંતકાળથી તેને સાથે ફેરવી રહ્યો છે; મૃતકકલેવરમાં ચૈતન્ય ભગવાન મૂર્છાઈ ગયો છે. દેહની ચેષ્ટાઓથી જે પોતાને સુખી–દુઃખી માને છે, દેહની ક્રિયા હું કરું એમ માને છે, દેહની ક્રિયા ધર્મનું સાધન થાય એમ માને છે તે બધાય ઝાડના ઠૂંઠાને માણસ માનનારા જેવા, શરીરને જ આત્મા માનનારા છે. અરે! અજ્ઞાનદશામાં ચૈતન્યતત્ત્વને ચૂકીને ભ્રમથી જીવ કેવી કેવી વ્યર્થ ચેષ્ટાઓ કરી રહ્યો છે તેની તેને પોતાને ખબર નથી. જ્યારે જીવ પોતે જ્ઞાની થયો ત્યારે તેને ખબર પડી કે અરે! પૂર્વે અજ્ઞાનદશામાં મેં કેવી નકામી ચેષ્ટાઓ કરી!

જેમ ઝાડના ઠૂંઠાને પુરુષ માનીને વ્યર્થ ચેષ્ટા કરનાર તે મનુષ્યને જ્યારે ખબર પડે કે અરે, આ તો પુરુષ નથી પણ ઝાડનું ઠૂંઠુ છે, –ત્યારે તેની સાથે ઉપકાર–વાતચીત વગેરેની ચેષ્ટા છોડી દે છે; તેમ જ્ઞાની વિચારે છે કે મેં અજ્ઞાનદશામાં તો દેહને જ આત્મા માનીને વ્યર્થ ચેષ્ટાઓ કરી, ને હું દુઃખી થયો, પણ હવે મને ભાન થયું કે અરે, આ દેહ તો જડ છે, તે મારો ઉપકારી કે અપકારી નથી, તે મારાથી ભિન્ન છે; હું તો અરૂપી ચિદાનંદ આત્મા છું–આવું ભાન થતાં શરીરની ચેષ્ટાઓ પ્રત્યે હવે મને ઉદાસીનતા થઈ ગઈ છે, અર્થાત્ શરીરની ચેષ્ટા મારી છે–એમ હવે મને જરાપણ ભાસતું નથી, શરીરની ચેષ્ટાવડે મારું કાંઈ સુધરે કે બગડે–એવી ભ્રમણા હવે છૂટી ગઈ છે. મારી ચેષ્ટા

તો જ્ઞાનચેતનામય છે.

આ દેહાદિથી જુદો, જ્ઞાનાનંદસ્વરૂપ જ હું છું–એવું જ્યાં સ્વસંવેદનથી સમ્યક્ ભાન થયું ત્યાં ધર્માત્મા જાણે છે કે અરે! અત્યાર સુધી તો ઝાડના ઠૂંઠામાં પુરુષની ભ્રાંતિની માફક આ અચેતન શરીરને જ મેં આત્મા માન્યો ને તેની સાથે વ્યર્થ ચેષ્ટાઓ કરી. જેમ અંધારાને લીધો કોઈ પુરુષ પત્થરને કે ઝાડના ઠૂંઠાને પુરુષ માનીને તેને બોલાવે, તેના ઉપર પ્રેમ કરે, તેની સાથે લડે, લડતાં લડતાં તે પોતાના ઉપર પડે ત્યાં એમ માને કે આણે મને દાબ્યો, અને કહે કે ભાઈસાબ! હવે ઊઠ....એમ અનેક પ્રકારે તેની સાથે ભ્રાંતિથી ચેષ્ટા કરે...પણ જ્યાં પ્રકાશ થાય ને દેખાય કે અરે, આ તો પુરુષ નથી પણ પત્થર છે–ઠૂંઠ છે, મેં ભ્રાંતિથી વ્યર્થ ચેષ્ટા કરી....! –તેમ અજ્ઞાનરૂપી અંધારાને લીધે અજ્ઞાની અચેતન શરીરાદિને જ આત્મા માનીને તેની સાથે પ્રીતિ કરતો, બાહ્ય વિષયોને પોતાના ઇષ્ટ–અનિષ્ટકારી માનીને તેમના પ્રત્યે રાગ–દ્વેષ કરતો, હું જ ખાઉં છું–હું જ પીઉં છું, હું જ બોલું છું, આંખથી હું જ દેખું છું, આ ઇંદ્રિયો હું જ છું–એમ માનીને અનેક પ્રકારે ભ્રાંતિથી ચેષ્ટા કરતો, પણ હવે જ્યાં જ્ઞાનપ્રકાશ થયો.....ને સ્વસંવેદનવડે આત્માને દેહથી ભિન્ન જાણ્યો ત્યાં ધર્મી જાણે છે કે અરે! આ દેહ તો અચેતન છે, તે હું નથી, છતાં તેને જ આત્મા માનીને અત્યાર સુધી મેં વ્યર્થ ચેષ્ટાઓ કરી, પણ હવે એ ભ્રાંતિ ટળી ગઈ છે. –તે હવે પોતાને ચૈતન્યસ્વરૂપ જ જાણતો થકો ચૈતન્યભાવની જ ચેષ્ટા કરે છે, ને સ્વ–પરનું ભેદજ્ઞાન કરીને ચૈતન્યની અપૂર્વ શાંતિને વેદે છે. હવે ભાન થયું કે આ દેહ તો મારાથી અત્યંત જુદો અચેતન છે.

* શરીર રૂપી, હું અરૂપી; શરીર જડ, હું ચેતન;
* શરીર સંયોગી, હું અસંયોગી; શરીર વિનાશી, હું અવિનાશી;
* શરીર આંધળું, હું દેખતો; શરીર ઇન્દ્રિયગ્રાહ્ય, હું અતીન્દ્રિય–સ્વસંવેદનગ્રાહ્ય;
* શરીર મારાથી બાહ્ય પરતત્ત્વ, અને હું અંતરંગ ચૈતન્યમૂર્તિ સ્વતત્ત્વ;

–આ રીતે શરીરને અને મારે અત્યંત ભિન્નતા છે.

આવા અત્યંત ભિન્નપણાના વિવેકથી જ્યાં ભેદજ્ઞાન થયું અને યથાર્થ તત્ત્વશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન થયું ત્યાં શરીરાદિમાં આત્મબુદ્ધિનો ભ્રમ છૂટી ગયો, શરીરના સુધરવા–બગડવાથી મારું કાંઈ સુધરે કે બગડે–એવો ભ્રમ છૂટી ગયો, ને દેહાદિ પરદ્રવ્યોથી ઉપેક્ષિત થઈને ચિદાનંદ–સ્વભાવમાં વળ્યો, ત્યાં જીવને પરમ શાંતિ થઈ. (આનું નામ સમાધિ છે.)

પરદ્રવ્યોથી આત્માને ભિન્ન જાણ્યા વિના તેમનાથી ઉપેક્ષા થાય નહિ. પરદ્રવ્યોથી ઉપેક્ષા વિના સ્વતત્ત્વમાં એકાગ્રતા કેવી? અને સ્વતત્ત્વમાં એકાગ્રતા વગર સમાધિ કેવી? સમાધિ વગર સુખ કે શાંતિ કેવા? માટે સૌથી પહેલાં ભેદજ્ઞાનના અભ્યાસવડે દેહાદિથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને જાણવો તે જ શાંતિનો ઉપાય છે. હે જીવો! સાચી શાંતિ પામવા આત્માને ઓળખો.

**જેનામાં સુખ છે-તેને જાણતાં સુખ થાય છે.**
**જેનામાં સુખ નથી તેને જાણતાં સુખ થતું નથી.**

જે શુદ્ધાત્માના સંવેદનની ઉપલબ્ધિ થતાં મારા જ્ઞાનચક્ષુ ખૂલી ગયા, તથા જે ઇન્દ્રિયો અને વિકલ્પોથી અગોચર, અતીન્દ્રિય છે, એવો સ્વસંવેદ્ય હું છું. આવા સ્વસંવેદ્ય આત્મારૂપે જ હું મને અનુભવું છું, એ સિવાય દેહાદિ કોઈ પરદ્રવ્યો મને મારાપણે જરાપણ ભાસતા નથી. –આ રીતે સમ્યગ્જ્ઞાન થતાં આત્માને પોતાના સ્વરૂપની નિઃશંક ખબર પડે છે. હવે શુદ્ધ ચૈતન્યતત્ત્વનું મને ભાન થતાં હું જાગ્યો ને બધા તત્ત્વોના યથાવત્ સ્વરૂપને જાણવારૂપે હું પરિણમ્યો. આવું શુદ્ધ ચૈતન્યતત્ત્વ હું છું, કે જેના અભાવથી હું સુપ્ત હતો ને હવે જેના ભાનથી હું જાગ્યો. કેવું છે મારું સ્વરૂપ? અતીન્દ્રિય છે અને વચનના વિકલ્પોથી અગોચર છે; માત્ર સ્વસંવેદનગમ્ય છે. વ્યવહારના વિકલ્પોથી કે રાગથી ગ્રહણ થાય એવું મારું સ્વરૂપ નથી, મારું સ્વરૂપ તો અંતરના સ્વસંવેદનવડે જ અનુભવમાં આવે તેવું છે. આવું સ્વસંવેદ્યતત્ત્વ હું છે.

જેમ ઊંઘમાં સૂતેલા મનુષ્યને આસપાસનું ભાન રહેતું નથી, તેમ દેહમાં આત્મબુદ્ધિ કરીને મોહનિદ્રામાં સૂતેલા પ્રાણીઓને સ્વ–પરનું કાંઈ ભાન નથી. સંતો સ્વ–પરનું ભેદજ્ઞાન કરાવીને તેની મોહનિદ્રા છોડાવે છે, ને તેને જગાડે છે કે અરે જીવ! તું જાગ...જાગ! જાગીને તારા ચૈતન્યપદને જો.

જ્યાં અંતર્મુખ થઈને અતીન્દ્રિય આત્માનું સ્વસંવેદન થયું ત્યાં ધર્મીના ચૈતન્યચક્ષુ ખુલી ગયા, અનાદિની અજ્ઞાનનિદ્રા ઊડી ગઈ તે કહે છે કે અહા! આવા મારા તત્ત્વને અત્યારસુધી કદી મેં નહોતું જાણ્યું, પણ હવે સ્વસંવેદનથી મેં મારા આત્મતત્ત્વને જાણી લીધું છે...હવે હું જાગૃત થયો છું.

**જ્ઞાની-ધર્માત્મા જગતના કાર્યોનો ઉત્સાહ છોડીને**
**નિજસ્વરૂપના ઉત્સાહમાં જાગૃત વર્તે છે.**

**નિજસ્વરૂપમાં જેનો ઉપયોગ છે તે જાગૃત છે.**

**ચૈતન્યસ્વરૂપથી જે વિમુખ છે તે ઊંઘતો છે.**

જ્ઞાનઆનંદમય પોતાના પરમાત્મતત્ત્વને જાણીને તેની ભાવના કરનાર જ્ઞાની જાણે છે કે અહા! હું તો જ્ઞાનમૂર્તિ છું, જ્ઞાનસ્વભાવની ભાવનામાં રાગ–દ્વેષ છે જ નહિ; તો રાગ વગર હું કોને મિત્ર માનું? ને દ્વેષ વગર હું કોને શત્રુ માનું? મિત્ર કે શત્રુ તો રાગ–દ્વેષમાં છે. જ્ઞાનમાં મિત્ર–શત્રુ કેવા? જ્ઞાનમાં રાગ–દ્વેષ નથી, તો રાગ–દ્વેષ વિના મિત્ર કે શત્રુ કેવા? આ રીતે જ્ઞાનભાવનારૂપે પરિણમેલા જ્ઞાની કહે છે કે મારા ચિદાનંદસ્વરૂપને દેખતાંવેંત જ રાગ–દ્વેષ એવા ક્ષીણ થઈ ગયા છે કે જગતમાં કોઈ મને મિત્ર કે શત્રુ ભાસતા નથી, જગતથી ભિન્ન મારું જ્ઞાનાનંદસ્વરૂપ જ મને ભાસે છે. જુઓ, આવા આત્મસ્વરૂપની ભાવના તે જ વીતરાગી શાંતિનો ઉપાય છે, ને વીતરાગી શાંતિ તે જ ભવના અંતનો ઉપાય છે; માટે મુમુક્ષુએ વારંવાર આવા આત્મસ્વરૂપની ભાવના કરવી.

પ્રશ્નઃ– તમે ભલે બીજાને શત્રુ કે મિત્ર ન માનો, પણ બીજા જીવો તો તમને શત્રુ કે મિત્ર માનતા હશે ને?

ઉત્તરઃ– હું તો બોધસ્વરૂપ અતીન્દ્રિય આત્મા છું; જેઓ અતીન્દ્રિય આત્માને નથી જાણતા એવા અજ્ઞ જીવો તો મને દેખતા જ નથી, તેઓ માત્ર આ શરીરને દેખે છે પણ મને નથી દેખતા, તેથી તેઓ મારા શત્રુ કે મિત્ર નથી. તેઓ આ શરીરને શત્રુ કે મિત્ર માને તો માનો, તેથી મને શું? હું તો ચૈતન્ય છું; મને તો તેઓ દેખતા જ નથી, તો દેખ્યા વગર શત્રુ કે મિત્ર ક્યાંથી માને? જેને જેનો પરિચય જ નથી તે તેને શત્રુ કે મિત્ર ક્યાંથી માને? અજ્ઞ જનોને બોધસ્વરૂપ એવા મારા આત્માનો પરિચય જ નથી, તેમના ચર્મચક્ષુથી તો હું અગોચર છું, તેઓ બિચારા પોતાના આત્માને પણ નથી જાણતા તો મારા આત્માને તો ક્યાંથી જાણે? અને મને જાણ્યા વગર મારા સંબંધમાં શત્રુ–મિત્રપણાની કલ્પના ક્યાંથી કરી શકે?

અને, આત્માના સ્વરૂપને જાણનારા વિજ્ઞ જનો તો કોઈને શત્રુ–મિત્ર માનતા નથી; તેઓ તો મને પણ જ્ઞાનસ્વરૂપે જ દેખે છે એટલે મારા સંબંધમાં તેમને પણ શત્રુ–મિત્રપણાની કલ્પના થતી નથી. સર્વે જીવોને જ્ઞાનસ્વરૂપ જાણવામાં અપૂર્વ સમભાવ છે.

**સર્વ જીવ છે જ્ઞાનમય, એવો જે સમભાવ,**
**તે સામાયિક જાણવું, ભાખે જિનવરરાય.**

જાુઓ, આ જ્ઞાનીની વીતરાગી ભાવના! પોતે પોતાના આત્માને બોધસ્વરૂપ દેખે છે ને જગતના બધાય આત્માઓ પણ એવા બોધસ્વરૂપ જ છે એમ જાણે છે, તેથી પોતાને કોઈ પ્રત્યે શત્રુ–મિત્રપણાની બુદ્ધિ રહી નથી, તેમજ બીજા મને શત્રુ–મિત્ર માનતા હશે એવું શલ્ય રહ્યું નથી; એટલે વીતરાગી શાંતિ થાય છે.

જાુઓ, આ પરમાત્મા થવા માટેની ભાવના; દેહથી ને રાગથી પાર, જેવા પરમાત્મા છે તેવો જ હું છું–એવી ભાવના પૂર્વે કદી જીવે ભાવી નથી. ‘જ્ઞાન–આનંદનો પિંડ પરમાત્મા હું છું’ **-अप्पा सो परम अप्पा-**એવી દ્રઢ ભાવનાવડે તેમાં એકત્વબુદ્ધિ થતાં અપૂર્વ આનંદનું સ્વસંવેદન થાય છે. ‘હું મનુષ્ય છું’ ઇત્યાદિ ભાવના જેમ દ્રઢપણે ઘૂંટાઈ ગઈ છે તેમ ‘હું મનુષ્ય નહિ પરંતુ હું તો દેહથી ભિન્ન જ્ઞાનશરીરી પરમાત્મા છું’ –એવી ભાવના દ્રઢપણે ઘૂંટાવી જોઈએ,–એવી દ્રઢભાવના થવી જોઈએ કે તેમાં જ અભેદતા ભાસે, તેમાં જ પોતાપણું ભાસે; ને દેહાદિમાં ક્યાંય પોતાપણું ન ભાસે; સ્વપ્નમાં પણ એમ આવે કે હું ચિદાનંદ પરમાત્મા છું...અનંત સિદ્ધભગવંતોની સાથે હું વસુ છું. ‘શરીર તે હું છું’ એમ સ્વપ્ને પણ ન ભાસે. આ રીતે આત્મભાવનાના દ્રઢ સંસ્કારવડે તેમાં જ લીનતા થતાં આત્મા પોતે પરમાત્મા થઈ જાય છે. પરમાત્મસ્વરૂપની ભાવનાનું આ ફળ છે; કેમકે– ‘જેવી ભાવના તેવું ભવન.’

અરે, જીવ! ચૈતન્યને ચૂકીને બહારમાં શરીર, લક્ષ્મી, કુંટુંબ વગેરેને અભયસ્થાન માનીને તેનો તું વિશ્વાસ કરી રહ્યો છે, તે તો ભયસ્થાન છે, બહારમાં તને કોઈ શરણ નથી. અંતરમાં ચૈતન્યસ્વભાવ જ પરમ શરણ છે; તેને ભયસ્થાન માનીને તું તેનાથી દૂર ભાગે છે પણ અરે મૂઢ! તારા આત્મા જેવું અભયસ્થાન જગતમાં કોઈ નથી.

**મૂઢ જીવ વિશ્વસ્ત છે જ્યાં, તે જ ભયનું સ્થાન છે;**

**ભયભીત છે જે સ્થાનથી, તે તો અભયનું ધામ છે.**

અરે! તારું ચૈતન્યતત્ત્વ ભયનું સ્થાન નથી, તે મૂંઝવણનું સ્થાન નથી, દુઃખનું સ્થાન નથી; તારું ચૈતન્યતત્ત્વ અભયપદનું સ્થાન છે...શાંતિસ્વરૂપ છે...આનંદનું ધામ છે. આવા આત્મતત્ત્વ સિવાય બહારમાં તને કોઈ પણ ચીજ શરણ નથી, તને બીજું કોઈ નિર્ભયતાનું સ્થાન નથી. એક ચૈતન્યપદ જ અભય છે...તે જ શરણનું સ્થાન છે...માટે નિર્ભયપણે તેમાં પ્રવર્તો...એમ ‘સ્વામી’ નો ઉપદેશ છે.

અરે, ઈન્દ્રિયવિષયો તો એકાંત ભયનું–દુઃખનું જ સ્થાન છે, ને આ અતીન્દ્રિય ચિદાનંદસ્વરૂપ આત્મા જ અભયસ્થાન અને સુખનું ધામ છે. ચૈતન્યની સન્મુખતામાં

આનંદરસનો અનુભવ થાય છે, માટે તું તારા શુદ્ધ ચૈતન્યપદનો અનુભવ કર, એમ સંતોનો ઉપદેશ છે.

અહા, જે અનંત સુખનું ધામ છે એવા ચૈતન્યસ્વભાવમાં તો તને મિત્રતા ન રહી–તેમાં ઉત્સાહ અને પ્રેમ ન આવ્યો; ને અનંતદુઃખનું ધામ એવા જે બાહ્યવિષયો તેમાં તને સુખબુદ્ધિ થઈ, ત્યાં તને પ્રેમ આવ્યો ઉત્સાહ આવ્યો, –એ કેવી વિચિત્રતા છે!! અરે જીવ! હવે તારા જ્ઞાનચક્ષુને ઉઘાડ રે ઉઘાડ!! જ્ઞાનચક્ષુ ઉઘાડીને તું જો કે તારો સ્વભાવ કેવો મજાનો આનંદરૂપ છે! તે સ્વભાવના સાધનમાં જરાય કષ્ટ નથી, ને બાહ્ય વિષયો તરફનું વલણ એકાંત દુઃખરૂપ છે, તેમાં સ્વપ્નેય સુખ નથી.–આમ વિવેકથી વિચારીને તારા અંતર્સ્વભાવ તરફ વળ, ને બાહ્ય વિષયોમાં સુખબુદ્ધિ છોડીને તેમનાથી નિવૃત્ત થા...નિવૃત્ત થા. નિત્ય નિર્ભય સ્થાન અને સુખનું ધામ તો તારો આત્મા જ છે.

## “સુખધામ અનંત સુસંત ચહી, દિનરાત રહે તદ્ ધ્યાનમહીં”

અનંત સુખનું ધામ એવું જે ચૈતન્યપદ તેને ચાહતા થકા સંતો દિનરાત તેના ધ્યાનમાં રહે છે, માટે હે જીવ! દિનરાત તું તારા ચૈતન્યપદનો વિશ્વાસ કર. જગતમાં સુખનું ધામ કોઈ હોય તો મારું ચૈતન્યપદ જ છે–એમ વિશ્વાસ કરીને, નિર્ભયપણે સ્વભાવમાં ઝૂક...સ્વભાવની સમીપ જતાં તને પોતાને ખબર પડશે કે અહા! આ તો મહા આનંદનું ધામ છે, આની સાધનામાં કષ્ટ નથી પણ ઉલ્ટું તે તો કષ્ટના નાશનો ઉપાય છે...આ જ મારું નિર્ભયપદ છે, –આમ સ્વપદને દેખતાં, પૂર્વે કદી ન થયેલી એવી તૃપ્તિ ને શાંતિ થાય છે.

## સંતોની વાત ટૂંકી ને ટચ; સ્વમાં વસ ને પરથી ખસ.

અતીન્દ્રિય આત્માનો મહિમા સાંભળીને આત્મા તરફ ઝૂકાવ થતાં, બાહ્ય ઈંદ્રિયોના વિષયો તરફનું વલણ છૂટી જાય છે. બાહ્ય વિષયો તો છૂટા જ છે, પણ ઉપયોગનું વલણ તેના તરફથી ખસેડી આત્મસ્વભાવમાં કરવાનું છે. પહેલાં પોતાના પરિણામમાં જ એમ ભાસવું જોઈએ કે મારા ઉપયોગનો ઝૂકાવ પર તરફ જાય તેમાં મારું સુખ નથી...અંતરમાં ઉપયોગનો ઝૂકાવ તે જ સુખ છે. આવા નિર્ણયપૂર્વક ઉપયોગને અંતરમાં એકાગ્ર કરવો તે જ પરમ આનંદના અનુભવની રીત છે. એ રીતે ઉપયોગને અંતરમાં એકાગ્ર કરતાંવેંત પોતાનું પરમાત્મતત્ત્વ પોતાને સાક્ષાત્ દેખાય છે, અનુભવાય છે, ને અતીન્દ્રિય વીતરાગી અપૂર્વ શાંતિ વેદાય છે. તેથી શ્રીગુરુ વારંવાર કહે છે કે–આવી અપૂર્વ શાંતિ પામવા માટે આત્માને ઓળખો.

# ભાવશ્રુતવડે જ્ઞાનસ્વરૂપ આત્માને જે જાણે તે શ્રુતકેવળી
## [ શ્રુતપંચમી અને આપણી ભાવના ]

જેઠ સુદ ૫ ના રોજ શ્રુતપંચમીનો મહા મંગળ દિવસ છે. સત્શ્રુતની આરાધના વડે આત્મામાં સમ્યક્ શ્રુતજ્ઞાન પ્રગટ કરીને મોક્ષમાર્ગ પ્રગટ કરવો તે જ મંગળ છે, તે જ સાચી જ્ઞાનઆરાધના છે.

'શ્રુતજ્ઞાન' કહેતાં લોકોની દૃષ્ટિ બાહ્યમાં શાસ્ત્રના લખાણ ઉપર જાય છે; શાસ્ત્રના લખાણના આધારે શ્રુતને ટકેલું માને છે; પરંતુ શ્રુતજ્ઞાન એ તો જ્ઞાન છે, અને જ્ઞાન તો આત્માના આધારે છે–એમ અંતરાત્મદૃષ્ટિ કોઈ વીરલા જ કરે છે.

* એકવાર કોઈ જિજ્ઞાસુએ ગુરુદેવને પ્રશ્ન પૂછયો–

'ભરતક્ષેત્રમાં અત્યારે કેટલું શ્રુતજ્ઞાન વિદ્યમાન છે? '

* ઉત્તરમાં ગંભીરતાથી ગુરુદેવે કહ્યું–ભરતક્ષેત્રમાં વિચરતા સમ્યગ્જ્ઞાની જીવોમાં જે જીવના શ્રુતજ્ઞાનનો ઉઘાડ સર્વથી વધારે હોય તેટલું શ્રુતજ્ઞાન વિદ્યમાન છે અને બાકીનું વિચ્છેદ છે. ભલે શાસ્ત્રમાં શબ્દો લખેલા વિદ્યમાન હોય, પરંતુ જો તેનો આશય સમજનાર કોઈ જીવ વિદ્યમાન ન હોય તો તે વિચ્છેદરૂપ જ છે. એટલે 'શ્રુતજ્ઞાન' આત્માના આધારે ટકેલું છે, નહિ કે શબ્દોના આધારે.

સમ્યગ્જ્ઞાની જીવો શ્રુતની સાક્ષાત્ મૂર્તિ છે. તેવા જીવોની વાણીની ઉપાસના તે શ્રુતની જ ઉપાસના છે. શ્રુતજ્ઞાની જીવની વાણી તે શ્રુતનું સીધું નિમિત્ત છે; તેને તત્કાલબોધક કહી છે.

સાક્ષાત્ શ્રુતની મૂર્તિ એવા સમ્યગ્જ્ઞાની પુરુષ પાસેથી જ સત્શ્રુતની પ્રાપ્તિ થાય. એક વખત પણ સાક્ષાત્ જ્ઞાની પાસેથી સત્ સાંભળ્યા વગર એકલા શાસ્ત્રમાંથી પોતાની મેળે કોઈ પણ જીવ સત્ સમજી શકે નહિ. જો વર્તમાન તેવા જ્ઞાનીનો સમાગમ ન મળ્યો હોય તો પૂર્વે કરેલા જ્ઞાનીના સમાગમના સંસ્કાર યાદ આવવા જોઈએ. પણ જ્ઞાનીનો ઉપદેશ સાંભળ્યા વગર કોઈ પણ જીવને સમ્યગ્દર્શન થાય જ નહિ.

શ્રુતજ્ઞાનનું પ્રયોજન શુદ્ધાત્માને જાણવાનું છે; શ્રુતજ્ઞાન વડે જે જીવ પોતાના શુદ્ધાત્માને જાણે છે તેઓને કેવળીભગવાનો 'શ્રુતકેવળી' કહે છે–એમ સમયસારજીમાં

કહ્યું છે; કેમકે બાર અંગ અને ચૌદ પૂર્વના જ્ઞાનનો આધાર એવો જ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મા તેણે જાણી લીધો તેથી તે શ્રુતકેવળી છે. અમુક શાસ્ત્રોને જાણે તે શ્રુતકેવળી–એ વ્યાખ્યા ભેદથી છે, પણ બધા જ્ઞાનનો આધાર શુદ્ધાત્મા છે, તેને જે જાણે તે શ્રુતકેવળી–એ વ્યાખ્યા અભેદદ્રષ્ટિથી છે. એવા 'નિશ્ચય–શ્રુતકેવળી' આત્માઓ (એટલે કે સમ્યગ્દ્રષ્ટિ જીવો) અત્યારે આ ભરતક્ષેત્રમાં વિરલ–વિરલ પણ જોવામાં આવે છે. ભરતક્ષેત્રના ભવ્યજીવોને એવા વિરલા શ્રુતજ્ઞાનીઓ પાસેથી સત્શ્રુતની પ્રાપ્તિ કરવાનું સૌભાગ્ય હજી તપી રહ્યું છે–અને હજારો વર્ષો સુધી અચ્છિન્નપણે રહેવાનું છે–વીરનાથનો માર્ગ પંચમકાળના અંતસુધી હજી સાડાઅઢાર હજાર વર્ષો સુધી ચાલુ રહેવાનો છે.

ભલે આજે ભરતક્ષેત્રમાં બાર અંગ–ચૌદપૂર્વના જ્ઞાતા વિદ્યમાન નથી, તોપણ બાર અંગ અને ચૌદ પૂર્વ જેના આધારે છે એવા શુદ્ધાત્માને જાણનારા શ્રુતજ્ઞાનીઓ તો આજે પણ વિદ્યમાન છે. એ ભાવશ્રુતવડે મોક્ષમાર્ગી આજે પણ થઈ શકાય છે. બાર અંગ ચૌદ પૂર્વના જ્ઞાતાઓને જેવું શુદ્ધાત્માનું જ્ઞાન હતું તેવું જ શુદ્ધાત્માનું જ્ઞાન આજે પણ શ્રુતજ્ઞાનીઓને છે, અને પ્રગટ થઈ શકે છે. –સ્વાત્માના શ્રુતજ્ઞાનની અપેક્ષાએ એ બંનેમાં કાંઈ ફેર નથી. બાર અંગ ચૌદપૂર્વના શ્રુતજ્ઞાનીઓ જેવા શુદ્ધાત્માને જાણતા હતા, તેવા જ શુદ્ધાત્માનું જ્ઞાન આજે પણ થઈ શકે છે. માટે ભવ્યજીવો અંતરંગમાં પ્રમોદ કરો કે આજે પણ સત્શ્રુત જયવંત વર્તે છે! મોક્ષને સાધનારું શુદ્ધાત્મઅનુભૂતિરૂપ જ્ઞાન આજે પણ વિદ્યમાન વર્તે છે. ધન્ય કાળ!

–આ થઈ નિશ્ચય–શ્રુતની વાત. નિશ્ચયશ્રુત એટલે શ્રુતજ્ઞાનવડે શુદ્ધાત્માનું જ્ઞાન. આ શુદ્ધાત્માનું જ્ઞાન તો પંચમકાળના છેડા સુધી અવિચ્છિન્નપણે રહેવાનું છે, તેનો વિચ્છેદ નથી.

હવે વ્યવહાર–શ્રુતજ્ઞાન અપેક્ષાએ જોઈએ તો અત્યારે શ્રુતનો ઘણો મોટો ભાગ વિચ્છેદ થઈ ગયો છે, અને તેનો અંશ વિદ્યમાન છે. આજ બાર અંગ ચૌદ પૂર્વના જ્ઞાતા તો નથી પણ એક અંગના પણ પૂર્ણપણે જ્ઞાતા નથી છતાં–આજે આપણી પાસે શ્રુતનો જે નાનકડો અંશ વિદ્યમાન છે તે સર્વજ્ઞ પરંપરાથી અવિચ્છિન્નપણે આવેલો હોવાથી તેનું બિંદુ પણ સિંધુનું કાર્ય કરે છે. –વીતરાગી અમૃત ભલે થોડું હોય તો પણ તેના મહાન ફળને આપે જ છે.

આજે જે પવિત્ર સત્શ્રુત વિદ્યમાન છે તેમાં 'श्री षट्खंडागम' સૌથી પ્રાચીન અને સર્વજ્ઞ પરંપરાથી ચાલી આવેલા છે. આપણા સૌરાષ્ટ્ર દેશમાં ગિરનાર પર્વતની ચંદ્ર–

ગુફામાં એક મહામુનિ ધરસેનાચાર્ય ધ્યાન કરતા હતા. તેઓ અંગો અને પૂર્વોના એકદેશના જ્ઞાતા હતા. તેઓ મહા વિદ્વાન અને શ્રુતવત્સલ હતા. એકવાર તેઓશ્રીને એવો ભય ઉત્પન્ન થયો કે હવે અંગ–શ્રુત વિચ્છેદ થઈ જશે...આથી તેઓને વિકલ્પ ઉઠયો કે શ્રુતજ્ઞાન અવિચ્છિન્નપણે જયવંત રહે! અને શ્રુતનું અવિચ્છિન્નપણે વહન કરી શકે એવા પુષ્પદંત મુનિ અને ભૂતબલિ મુનિ એ બે સમર્થ મુનિરાજો ધરસેનાચાર્ય પાસે આવ્યા, તેઓને આચાર્યદેવ પાસેથી જે શ્રુત મળ્યું તે પુસ્તકારૂઢ કર્યું, અને લગભગ ૧૮૦૦ વર્ષ પહેલાં જેઠ સુદ ૫ ના રોજ એ પુસ્તક (ષટ્‌ખંડાગમ)ની ભૂતબલિ આચાર્યદેવની હાજરીમાં ચતુર્વિધ સંઘે અંકલેશ્વરમાં મહાન પૂજા–પ્રભાવના કરી હતી. ત્યારથી તે તિથિએ શ્રુતની પૂજા અને મહોત્સવ થાય છે. અને તે દિવસ શ્રુતપંચમી તરીકે પ્રસિદ્ધ છે. જૈનશાસનમાં આચાર્ય ભગવંતોની પરમ કૃપાથી એ પવિત્ર શ્રુતનો લાભ આજે પણ આપણને મળે છે.

ત્યારપછી અધ્યાત્મશાસ્ત્રો રચાયાં. આજથી લગભગ ૧૮૦૦ વર્ષ પહેલાં મહાસમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે સમયસાર વગેરે પરમ અધ્યાત્મ શાસ્ત્રોની રચના કરી; તેમાં સર્વજ્ઞદેવોની દિવ્યવાણીનું રહસ્ય સમાવી દીધું, અને એ અપૂર્વ શ્રુતની પ્રતિષ્ઠા વડે તેઓશ્રીએ બાર અંગ અને ચૌદ પૂર્વના વિચ્છેદને ભૂલાવી દીધો. સ્વાનુભૂતિનો અગાધ વૈભવ આચાર્યદેવે તે શાસ્ત્રોમાં ભર્યો છે.

આ રીતે, જેમ નિશ્ચય શ્રુતજ્ઞાન આજે અવિચ્છિન્નપણે વર્તે છે તેમ, વ્યવહાર શ્રુત (દ્રવ્યશ્રુત) પણ અવિચ્છિન્નપણે વર્તી રહ્યું છે. પરંતુ–

આજે આપણી પાસે વિપુલ શ્રુતભંડાર શાસ્ત્રરૂપે વિદ્યમાન હોવા છતાં, –તેનો અંતરંગ મર્મ તો શ્રુતજ્ઞાની પુરુષોના હૃદયમાં ભરેલો છે. શ્રીમદ્ રાજચંદ્રજી કહી ગયા છે કે શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે, પણ તેનો મર્મ તો જ્ઞાની પાસે છે; જ્ઞાનીના સમાગમે શાસ્ત્રનો મર્મ સમજીને જે શુદ્ધાત્માની સ્વાનુભૂતિ કરે છે તેના આત્મામાં શ્રુતજ્ઞાન સદાય જીવંત છે; તેને શ્રુતનો કદી વિરહ નથી.

સત્શ્રુતના એકેક સૂત્રમાં ભરેલા બાર અંગ અને ચૌદ પૂર્વના મૂળભૂત રહસ્યોને તો સાક્ષાત્ શ્રુતમૂર્તિ જ્ઞાનીઓ જ પ્રગટ કરી શકે. આજે એવા શ્રુતમૂર્તિ જ્ઞાની–સંતો પાસેથી આપણને એ શ્રુતનું રહસ્ય મળી રહ્યું છે તે આપણું સૌભાગ્ય છે...એવા શ્રુતમૂર્તિની ઉપાસના વડે સત્શ્રુતની પ્રાપ્તિ થાય છે. ને મોક્ષમાર્ગ ખુલે છે. આવું આત્મહિતકારી સત્શ્રુત સદાય જયવંત રહીને જગતનું કલ્યાણ કરો–એ જ મંગળ ભાવના!!!

# લાખો વાતોમાં સારભૂત એક જ વાત

## જગતના દ્વંદ - ફંદ છોડીને પુણ્ય-પાપથી ભિન્ન ચિદાનંદ આત્માને ધ્યાવો.

સમ્યગ્જ્ઞાનની આરાધનાનો સુંદર ઉપદેશ આપતાં છહઢાળાની ચોથી ઢાળમાં કહે છે કે–

હે ભવ્યજીવો! તમે પુદ્ગલથી ભિન્ન અને પુણ્ય–પાપથી પણ ભિન્ન એવા ચૈતન્યસ્વરૂપ આત્માને જાણીને સમ્યગ્જ્ઞાન પ્રગટ કરો. આવા જ્ઞાનપૂર્વક હે ભાઈ! તમે પુણ્ય–પાપનાં ફળમાં હર્ષ–વિષાદ ન કરો; કેમકે તે તો પુદ્ગલની પર્યાય છે, તે ઉપજીને નાશ થાય છે, ને ફરીને પાછી પ્રગટ થાય છે. લાખો વાતોના સારરૂપ એવી આ એક વાત છે તેને નિશ્ચયથી અંતરમાં ધારણ કરો,–દુનિયાના બધા દંદ અને ફંદ તોડીને અંતરમાં પોતાના આત્માને સદાય ધ્યાવો.

આત્માને જાણનારું સમ્યગ્જ્ઞાન છે તે પરમ અમૃત છે; તે સમ્યગ્જ્ઞાન પુણ્ય–પાપથી જુદું છે. માટે કહે છે કે હે આત્માર્થીભાઈ! તમે પુણ્યના ફળમાં હરખો નહીં ને પાપના ફળમાં વિલખો નહીં. પૂર્વે શુભાશુભ ભાવથી પુણ્ય–પાપરૂપ કર્મો બંધાયા, તેના ફળમાં જે પુદ્ગલસંયોગ મળ્યા, તે કાંઈ જીવના વર્તમાન પ્રયત્નનું ફળ નથી, તેમજ તેમાં જીવને સુખ–દુઃખ નથી; જ્ઞાનથી તે જુદા છે, માટે તેમાં હર્ષ–વિષાદ ન કરો; પણ બંનેથી જુદા એવા જ્ઞાનનું સેવન કરીને પુણ્ય–પાપમાં સમભાવ રાખો. મિથ્યાદ્રષ્ટિ પુણ્યફળમાં સુખ અને પાપફળમાં દુઃખ માને છે, એટલે તેમાં હર્ષ–શોક કરે છે. જ્ઞાનસ્વરૂપ આત્માને નિત્ય ધ્યાવો. આ વાત નિશ્ચય કરીને ચોક્કસપણે અંતરમાં ધારણ કરો.

પુણ્યફળ તો બળેલા અનાજના ઊકડિયા જેવા છે; જેમ બળેલી ખીચડી તો કાગડા–કૂતરા ખાય, માણસ ન ખાય, તેમ આત્માના ગુણ દાઝયા એટલે કે તેમાં વિકૃતિ થઈને રાગ થયો ત્યારે પુણ્ય બંધાયા; તે રાગ કે તેનાં ફળ એ કાંઈ ધર્મીનો ખોરાક નથી; ધર્મી તો રાગથી જુદી ચૈતન્યશાંતિને જ વેદે છે. અજ્ઞાની તે રાગમાં ને રાગના ફળમાં સુખ માનીને તેને વેદે છે. આત્મા પોતાની શાંતિમાંથી ખસીને જ્યારે બહાર

નીકળ્યો ત્યારે શુભરાગરૂપ કષાયભાવ થયો, તેનાથી પુણ્ય બંધાયા, ને તેના ફળમાં લક્ષ્મી વગેરે પુદ્ગલનો સંયોગ મળ્યો; આ રીતે ગુણની વિકૃતિનું જે ફળ તેમાં ધર્મી હોંશ કેમ કરે? –તેમાં સુખ કેમ માને? અરે, શાંતિ માટે મારે કોઈ બહારના સંયોગની જરૂર જ ક્યાં છે? મારું જ્ઞાન પોતે પરમ શાંતિસ્વરૂપ છે; તેમાં રાગ કે રાગનાં ફળ નથી. –આ પ્રમાણે જાણીને હે જીવ! તું તારા ગુણનો હર્ષ કર, પ્રમોદ કર; ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મામાં એકાગ્ર થઈને વીતરાગી શાંતિની પ્રસન્નતા પ્રગટ કર! ચૈતન્યથી વિરૂદ્ધ એવા રાગના ફળમાં પ્રસન્નતા કરવી તે તો મિથ્યાદ્રષ્ટિનો ભાવ છે. સમ્યગ્જ્ઞાન થયા પછી અલ્પ હર્ષ–શોક થાય તે કાંઈ પુણ્ય–પાપના ફળરૂપ સંયોગને ઇષ્ટ–અનિષ્ટ માનીને થતા નથી, તેમજ જ્ઞાનને ભૂલીને તે હર્ષ–શોક થતા નથી. આવા સમ્યગ્જ્ઞાન–પૂર્વક જેણે પુણ્ય–પાપમાં હર્ષ–શોકની બુદ્ધિ છોડીને સમભાવ પ્રગટ કર્યો છે તેને જ પછી શ્રાવકનાં વ્રત કે મુનિનાં મહાવ્રત હોય છે. સમ્યગ્જ્ઞાન વગર તો શ્રાવકપણું કે મુનિપણું હોતું નથી; તેથી શાસ્ત્રોમાં સમ્યગ્જ્ઞાન પછી તેનું વર્ણન કર્યું છે.

ધન–કીર્તિ–દુકાન–મકાન–હોદ્દો–નિરોગતા એ બધા સંયોગ કાંઈ જ્ઞાનનું કાર્ય નથી, તે તો કર્મનું કાર્ય છે; તેમાં હરખ ન કર. તારા જ્ઞાનની જાત તે નથી. તેમજ રોગ–નિર્ધનતા–અપજશ વગેરે પ્રતિકૂળતા આવે તે પાપકર્મનું કાર્ય છે, તે કાંઈ જ્ઞાનનું કાર્ય નથી; માટે તે પ્રતિકૂળ સંયોગમાં હતાશ ન થા, વિષાદ ન કર, પુણ્ય ને પાપ બંનેથી જુદું ચૈતન્યસ્વરૂપ પરમ નીરાકૂળ છે તેને તું લક્ષમાં લે, ને તેને જ અંતરમાં ધ્યાવ. જ્ઞાનને જોતાં ને તેનો સ્વાદ ચાખતાં તને પુણ્ય–પાપ બંનેમાંથી રસ ઊડી જશે. આનંદસ્વરૂપના વેદનથી આત્મા પોતે સંતુષ્ટ થશે; તેમાં જ સાચી પ્રસન્નતા છે, ને ત્યાં પુણ્ય–પાપ બંનેમાં સમતા છે.

જીવે અનાદિથી પુણ્ય સારું–એમ માનીને તેમાં હર્ષ કર્યો, ને પાપ ખરાબ–એમ માનીને તેમાં ખેદ કર્યો, –પણ શાંતિ ક્યાંય ન મળી. જ્ઞાની તો બંનેથી પાર ચૈતન્યને જાણીને તેમાં એકાગ્રતાથી શાંતિને વેદે છે. હું મારી શાંતિને, મારા ધર્મને સાધી રહ્યો છું–પછી સંયોગમાં હર્ષ–શોક શો?

ધર્મીનેય કોઈવાર પાપના ઉદયથી રોગાદિ પ્રતિકૂળતા હોય, આજીવિકાની મુશ્કેલી હોય, અપમાન થતું હોય, તેથી કાંઈ તેને ધર્મમાં શંકા પડતી નથી, કેમકે જ્ઞાન તો સંયોગથી જુદું જ છે. વળી અજ્ઞાનીને પુણ્યનો ઉદય દેખાય ને જ્ઞાનીને પાપનો ઉદય દેખાય, અજ્ઞાની રાજા હોય ને જ્ઞાની ગરીબ હોય–તેથી કાંઈ ધર્મી મુંઝાતા નથી.

કે હું ધર્મી, ને મારે કેમ આવો સંયોગ? તે જાણે છે કે આ તો પુણ્ય–પાપના ખેલ છે, સંસારમાં પુણ્ય–પાપના ખેલ તો આવા જ હોય; મારું જ્ઞાન તો તેનાથી જુદું જ છે. સંકલ્પ–વિકલ્પની જાળ થાય તેને પણ તોડીને સ્વરૂપની શાંતિમાં વિશેષ એકાગ્ર કેમ થવાય, તેની જ ધર્મીને ભાવના છે. પુણ્ય–પાપના ઉદયથી સંયોગમાં અનુકૂળતાના ઢગલા હોય કે પ્રતિકૂળતાનો પાર ન હોય, તેને કારણે પોતાને જરાય સુખી–દુઃખી તે માનતા નથી. અમારું સુખ અમારા આત્મામાં છે, તે પુણ્ય–પાપ વગરનું છે; એ સુખને અમે અમારા સમ્યગ્જ્ઞાનવડે સાધી જ રહ્યા છીએ, તેથી પુણ્ય–પાપ બંનેના સંયોગપ્રત્યે સમભાવ છે. પુણ્ય હો કે પાપ, તેને જ્ઞાનથી જુદા જ જાણ્યા છે, એટલે સમ્યગ્જ્ઞાન પોતે હર્ષ–ખેદમાં જોડાઈ જતું નથી. આ રીતે જ્ઞાનને પુણ્ય–પાપથી જુદું જાણીને હે ભવ્ય જીવો! તમે નિશ્ચયથી જ્ઞાનસ્વરૂપ આત્માને જ અંતરમાં નિરંતર ધ્યાવો; તે જ લાખો વાતોનો સાર છે. બધું કરીકરીને પણ જો આત્માને ન જાણ્યો તો બધું અસાર છે–નકામું છે. જેણે આત્મા જાણ્યો તેણે સારભૂત બધું કરી લીધું.

સમ્યગ્દૃષ્ટિ–શ્રાવક એમ વિચારે છે કે જો મારી શ્રદ્ધા–જ્ઞાન–શાંતિરૂપી આત્મસંપદા મારી પાસે છે તો મારે બહારની સંપદાનું શું કામ છે? અને જ્યાં એવી આત્મસંપદા ન હોય ત્યાં બાહ્યસંપદાના ઢગલા હોય તોપણ તેથી શું? રત્નકરંડ–શ્રાવકાચાર માં પણ એ વાત કરી છે. (ગાથા ૨૭) જો મારે સમ્યક્ત્વાદિવડે આસ્રવનો નિરોધ છે તો તેના ફળમાં કેવળજ્ઞાનાદિ અનંત ચૈતન્યસંપદા મને સહેજે મળશે, પછી બાહ્ય સંપદાનું શું કામ છે? અને બાહ્યસંપદા ખાતર જો પાપકર્મનો આસ્રવ થતો હોય તો એવી બાહ્યસંપદાને મારે શું કરવી છે? હું ભગવાન આત્મા પોતે બેહદ ચૈતન્યસંપદાનો ભંડાર છું–એમ આત્માનાં સમ્યક્ શ્રદ્ધાજ્ઞાનાદિ કર્યાં તે શ્રાવકનાં રત્નો છે. આવા અચિંત્ય રત્નનો પટારો મારી પાસે છે તોપછી મારે બહારની જડલક્ષ્મીનું શું કામ છે? સમ્યક્ત્વાદિના પ્રતાપે મારા અંતરમાં સુખ–શાંતિરૂપ સમૃદ્ધિ વર્તે જ છે, પછી મારે બીજા કોઈનું શું કામ છે? અને જેને અંતરમાં શાંતિ નથી, સમ્યગ્દર્શન–જ્ઞાનાદિ રત્નોની સંપદા જેના અંતરમાં નથી, તો બહારની સંપદાના ઢગલા તેને શું કરશે? સાચી સંપદા તો તે છે કે જેનાથી આત્માને શાંતિ મળે; એટલે આત્માના સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન–વીતરાગતા તે જ સાચી સંપદા છે. આવી સંપદાવાળા સુખીયા ધર્માત્મા બહારની અનુકૂળતા–પ્રતિકૂળતા બંનેને પોતાથી જુદી જાણે છે, એટલે તેને તેમાં હર્ષ–શોક થતો નથી, જ્ઞાન જુદું ને જુદું રહે છે. આવું સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન અંતરમાં પ્રગટ કરવું તે બધાનો સાર છે.

મૂઢ લોકો બાહ્ય લક્ષ્મીને જ સર્વસ્વ માને છે, તે લક્ષ્મી ખાતર અડધું જીવન વેડફી દે છે ને અનેકવિધ પાપ બાંધે છે, છતાં તેમાં સુખ તો કદી મળતું નથી. બાપુ! જ્ઞાનાદિ અનંત ચૈતન્યરૂપ તારી સાચી લક્ષ્મી તારા આત્મામાં ભરી જ છે; તેને દેખ! તારી ચૈતન્યસંપદામાં બહારની અનુકૂળતા કે પ્રતિકૂળતા કેવી? આવી ચૈતન્યસંપદાના ભાન વગર સાચી શાંતિ કે શ્રાવકપણું હોય નહીં. સમ્યગ્દ્રષ્ટિની દશા પુણ્ય–પાપથી જુદી હોય છે. સમ્યગ્દર્શનના પ્રતાપે ત્રણલોકમાં શ્રેષ્ઠ સંપદારૂપ સિદ્ધપદ મળે છે, પછી બીજી કોઈ સંપદાનું શું પ્રયોજન છે? બાહ્યસંપદા એ ખરેખર સંપદા જ નથી.

અરે જીવ! પાપના ફળમાં તું દુઃખી ન થા, હતાશ ન થઈ જા. તે વખતે પ્રતિકૂળ સંયોગથી જ્ઞાન જુદું છે તેને ઓળખ પાપનો ઉદય આવતાં ચારેકોરથી પ્રતિકૂળતા આવી પડે, સ્ત્રી–પુત્ર મરી જાય, ભયંકર રોગ–પીડા થાય, ધન ચાલ્યું જાય, ઘર બળી જાય, નાગ કરડે, મહા અપજશ–નિંદા થાય, અરે! નરકનો સંયોગ આવી પડે (શ્રેણીક વગેરે અસંખ્ય સમ્યગ્દ્રષ્ટિજીવો નરકમાં છે), –એમ એક સાથે હજારો પ્રતિકૂળતા આવે તોપણ સમ્યગ્દ્રષ્ટિ પોતાના જ્ઞાનસ્વરૂપની શ્રદ્ધાને છોડતો નથી. ભાઈ, એ સંયોગમાં ક્યાં આત્મા છે? આત્મા તો જુદો છે, ને આત્માનો આનંદ આત્મામાં છે, –પછી સામગ્રીમાં હર્ષ–શોક શો? તારી સહનશક્તિ ઓછી હોય તોપણ આવા શ્રદ્ધા–જ્ઞાન તો જરૂર રાખજે; તેનાથી પણ તને ચૈતન્યની અપૂર્વ શાંતિનું વેદન રહેશે.

વળી જેમ પ્રતિકૂળતાથી જુદાપણું કહ્યું તેમ પુણ્યના ફળમાં ચારેકોરની અનુકૂળતા હોય–સ્ત્રી–પુત્રાદિ સારાં હોય, ચારેકોર યશ ગવાતા હોય, અરે! દેવલોકમાં ઉત્કૃષ્ટ સર્વાર્થસિદ્ધિની ઋદ્ધિ હોય, –તોપણ તેથી શું? તે સંયોગમાં ક્યાં આત્મા છે? આત્મા તો જુદો છે; આત્માનો આનંદ આત્મામાં છે–એમ ધર્મી જાણે છે ને તેના જ્ઞાનમાં તેનું જ વેદન વર્તે છે. પુણ્યફળને કારણે તે પોતાને સુખી માનતા નથી. જેમ કોઈ અરિહંતોને તીર્થંકર પ્રકૃતિના ઉદયથી સમવસરણાદિનો અદ્‌ભુત સંયોગ હોય છે, પણ તેને કારણે કાંઈ તે અરિહંત ભગવાન સુખી નથી, તેમનું સુખ તો આત્માના કેવળજ્ઞાનાદિ પરિણમનથી જ છે, એટલે તે 'સ્વયંભૂ' છે, તેમાં કોઈ બીજાની અપેક્ષા નથી; તેમ નીચલી દશામાં પણ સર્વત્ર સમજવું. સમ્યગ્દ્રષ્ટિ પોતાના શુદ્ધ ચૈતન્યપરિણમનથી જ સુખી છે; પુણ્યથી કે બાહ્ય સંયોગથી નહીં.

ભાઈ, સંસારમાં પુણ્ય–પાપનાં ફળ એ તો ચલતી–ફિરતી છાયા જેવા છે. આજ મોટો ઝવેરી હોય ને કાલે ભિખારી થઈને પૈસા માંગતો હોય; આજે ભીખારી હોય ને કાલે મોટો રાજા થઈ જાય, –એ ક્યાં જ્ઞાનનું કામ છે? ને એમાં ક્યાં કાંઈ નવું છે? એ તો જડ–પુદ્‌ગલની રમત છે. આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, તેમાં નથી તો પુણ્ય કે નથી પાપ; પુણ્ય–પાપના કારણરૂપ રાગ પણ તેના જ્ઞાનસ્વભાવમાં નથી. આવા પોતાના સ્વરૂપને કરોડો ઉપાયે પણ ઓળખવું, અને જગતની ઝંઝટ છોડીને અંતરમાં ધ્યાવવું–તે જ લાખો વાતોનો સાર છે.

# અહો, જ્ઞાનનો દિવ્ય મહિમા !

આત્મા સર્વજ્ઞસ્વભાવી છે; તે સર્વજ્ઞરૂપે પરિણમીને જ્યારે પૂરું જાણે ત્યારે તે આત્માને પૂર્ણ કહીએ છીએ. અધૂરું જાણે ને પૂરું ન જાણે તો તે જીવ પોતાના જ્ઞાનસ્વરૂપે પૂરો પરિણમ્યો નથી, ક્ષાયિકજ્ઞાન તેને થયું નથી, એટલે ત્યાં પરિપૂર્ણ અતીન્દ્રિયસુખ પણ નથી.

અહો, સર્વજ્ઞતારૂપે પરિણમતું ક્ષાયિકજ્ઞાન તો પરિપૂર્ણ અતીન્દ્રિયસુખથી ભરેલું છે, તેના અગાધ મહિમાની શી વાત? ભલે પર્યાય છે, પણ તે પૂર્ણસ્વભાવરૂપે પરિણમેલી છે. પર્યાય છે–માટે તેનો મહિમા ન હોય–એવું કાંઈ નથી. કેવળજ્ઞાનને માટે કુંદકુંદસ્વામી પોતે કહે છે કે **'अहो हि णाणस्स माहप्पं'** અહો, જિનદેવના જ્ઞાનનો કેવો મહિમા! અમૃતચંદ્રસ્વામી પણ કહે છે કે **'क्षायिकं ही ज्ञानम् अतिशयास्पदीभूत परममाहात्म्यं'** ખરેખર ક્ષાયિકજ્ઞાનનો અતિશય–આશ્ચર્યકારી સર્વોત્કૃષ્ટ પરમ મહિમા છે. આવા જ્ઞાનનો જેને મહિમા આવે તેને અન્ય રાગાદિ કોઈ પણ ભાવનો મહિમા આવે નહિ, ને જ્ઞાનને જ મહિમાવંત અનુભવતો થકો તે આત્માના ઉપશમભાવને પ્રાપ્ત કરે છે. –ભલે ક્ષયોપશમજ્ઞાન હોવા છતાં તે જ્ઞાન આત્માના સ્વભાવને અવલંબીને અતીન્દ્રિયપણે પરિણમે છે, તેની સાથે અતીન્દ્રિય આનંદ પણ હોય છે. –આવી સમ્યગ્દ્રષ્ટિ સાધકની દશા છે.

અહા, મારો ચેતનસ્વભાવ જગતથી ન્યારો કેવો અદ્‌ભુત ને કેવો વીતરાગ છે! –તે પરમાત્માને કે પરમાણુને રાગ–દ્વેષ વગર જાણી લ્યે છે; પરમાત્માને જાણતાં જ્ઞાન તેના ઉપર રાગ કરતું નથી, કે પરમાણુને જાણતાં જ્ઞાન તેના ઉપર દ્વેષ કરતું નથી; પરમાત્મા અને પરમાણુ બંનેને પોતાના અતીન્દ્રિય સામર્થ્યવડે જાણવા છતાં જ્ઞાન તે બંનેથી જુદું પોતાના શાંત સ્વરૂપમાં જ રહે છે. –આવી અદ્‌ભુત તાકાત જ્ઞાનમાં છે. જ્ઞાન તો રાગ–દ્વેષથી જુદી જાતનું વીતરાગસ્વરૂપ જ છે.

અહા! જ્ઞાન કોને કહેવાય? જ્ઞાન તો મધુર ચૈતન્યસ્વાદવાળું છે, અનંતાગુણનો રસ તેમાં ભર્યો છે. આવા મીઠા ચૈતન્યસ્વાદને અનુભવતો જ્ઞાની, તે પોતાના જ્ઞાનના સ્વાદમાં રાગાદિ કડવાશને જરાપણ ભેળવતો નથી.

આવું અદ્‌ભુત જ્ઞાન તે જગનું શિરતાજ છે.

**વીરનિર્વાણના આ અઢીહજારમા વર્ષમાં ઉત્તમ જ્ઞાનની આરાધના કરો.**

# સર્વ જીવોને ભદ્રકારી જિનશાસન

[ મહાવીરપ્રભુના અનેકાન્ત-શાસનની સ્તુતિઃ સમંતભદ્રદેવ ]

માગસર વદ ત્રીજને રવિવારે વીસવિહરમાન મંડલવિધાનની પૂર્ણતા પ્રસંગે અભિષેક થયો તેમાં પૂ. ગુરુદેવ ઉપસ્થિત હતા ને તેઓશ્રીએ સીમંધરનાથને અર્ઘ ચડાવીને ગંધોદક લીધું હતું ત્યારબાદ સ્વાધ્યાય મંદિરમાં પધાર્યા હતા, ત્યાં ગુરુદેવે માંગળિકરૂપે સમન્તભદ્રસ્વામીના સ્વયંભૂસ્તોત્રમાંથી છેલ્લી કડી પં. શ્રી હિંમતભાઈ પાસે વંચાવીને ઘણામહિમા પૂર્વક તેના અર્થ કર્યા હતા; સ્તુતિકાર–આચાર્ય, મહાવીર–પ્રભુની સ્તુતિ કરતાં કહે છે કે–

**“પરમત મૃદુવચન રચિત ભી હૈ, નિજગુણ-સંપ્રાપ્તિ રહિત વહ હૈ;**
**તવ મત નયભંગ વિભૂષિત હૈ, સુસમન્તભદ્ર નિર્દુષિત હૈ.” ૧૪૩.**

હે વીરનાથ જિનદેવ! આપનું અને આપના જેવા બીજા અનંતા તીર્થંકરોનું જે અનેકાન્તશાસન છે તે ભદ્રરૂપ છે, કલ્યાણકારી છે, અને આપના શાસનથી ભિન્ન જે પરમત છે તે કાનોને પ્રિય લાગે એવી મધુર રચનાવાળા હોવા છતાં, આત્મહિતકારી એવા બહુગુણોની સંપત્તિથી રહિત છે, સર્વથા અનેકાન્તવાદનો આશ્રય લેવાને કારણે તેના સેવનથી નિજગુણોની પ્રાપ્તિ થતી નથી; તેમ જ તે યથાર્થ વસ્તુસ્વરૂપના નિરુપણમાં અસમર્થ હોવાથી અપૂર્ણ છે, બાધા સહિત છે અને જગતને માટે અકલ્યાણકારી છે. પરંતુ હે નાથ! અનેક નયભંગોથી વિભૂષિત આપનો અનેકાન્તમત યથાર્થ વસ્તુસ્થિતિના નિરુપણમાં સમર્થ છે, બહુ ગુણોની સંપત્તિથી યુક્ત છે અર્થાત્ તેના સેવન વડે બહુ ગુણોની પ્રાપ્તિ થાય છે, અને તે સર્વ પ્રકારે ભદ્રરૂપ છે, નિર્બાધ છે, વિશિષ્ટ શોભા–સંપન્ન છે અને જગતને માટે કલ્યાણરૂપ છે.

ઘણા પ્રમોદપૂર્વક ગુરુદેવે કહ્યુંઃ વાહ, જુઓ તો ખરા કેવી સ્તુતિ કરી છે!! અહો, સર્વજ્ઞ વીતરાગદેવનું અનેકાન્તશાસન સર્વે જીવોને કલ્યાણકારી છે, તેમાં જ નિજગુણની પ્રાપ્તિ છે. વસ્તુમાં એક સમયમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવતા, ક્ષણે ક્ષણે બદલે છતાં નિજ–

ગુણ એમને એમ ટકી રહે, આવી વસ્તુસ્થિતિ સર્વજ્ઞ સિવાય બીજા કોઈ પ્રગટ કરી શકે નહિ. અન્યમતની ભાષા ભલે કોમળ હોય પણ અંદર મિથ્યાત્વનું ઝેર છે, તેમાં જીવને નિજગુણોની પ્રાપ્તિ થતી નથી; તે એકાન્તમતો મિથ્યા છે. હે નાથ! તારું અનેકાન્તશાસન જ 'સમન્તભદ્રરૂપ' (સર્વ પ્રકારે કલ્યાણરૂપ) અને નિર્દોષ છે. હે નાથ! તારા આવા નિર્દોષ અનેકાન્તશાસનને મુકીને બીજા એકાન્તશાસનને કોણ સેવે? તે તો રાગના પોષક છે, અને એકેક આત્મામાં અનંત ગુણો છે–એવા ગુણની પ્રાપ્તિ તે એકાંત મતોમાં નથી. જો અનંતગુણ માનવા જાય તો અનેકાન્ત સાબિત થઈ જાય છે ને સર્વથા એકાન્ત (–અદ્વૈત અથવા સર્વથા નિત્ય કે સર્વથા અનિત્ય–એ બધા) મિથ્યા ઠરે છે. માટે હે નાથ! આપના નિર્દોષ શાસન સિવાય બીજા કોઈ મત જીવને કલ્યાણરૂપ નથી; તે પરમત તો જીવોને અનંત સંસારમાં રખડાવનાર છે, ને આપનું શાસન જીવોને તારનાર છે.

જિનશાસનના ઘણા મહિમાપૂર્વક ગુરુદેવે કહ્યું–અહા, જુઓ તો ખરા! સમન્તભદ્રઆચાર્યે કેવી સરસ સ્તુતિ કરી છે!! તેમણે રચેલી આ ૨૪ તીર્થંકરોની સ્તુતિમાં ઘણા ગંભીર ભાવો ભર્યા છે. તેમને માટે એવો ઉલ્લેખ છે કે તેઓ ભવિષ્યમાં તીર્થંકર થશે. આવા સમન્તભદ્રસ્વામી મહાવીતરાગી સંત, તેમનું વચન અત્યંત પ્રમાણભૂત છે, જેવું ભગવાન કુંદકુંદાચાર્યનું વચન અને જેવું અમૃતચંદ્રાચાર્યનું વચન તેવું જ સમન્તભદ્રસ્વામીનું વચન! તેઓ સ્પષ્ટ કહે છે કે એક અર્હંતદેવનું અનેકાન્તમય જિનશાસન જ સર્વે જીવોને ભદ્રરૂપ છે; એના સિવાય બીજા બધાય એકાન્તમતો દુષિત છે, મિથ્યા છે, ને જીવોનું અહિત કરનાર છે. આવું કલ્યાણકારી જિનશાસન ભદ્રરૂપ અને મંગળરૂપ છે.

આ રીતે ગુરુદેવે ઘણા જ વૈરાગ્ય અને ભક્તિભાવથી ઉપરોક્ત સ્તુતિનો અર્થ કહ્યો હતો....તે સાંભળીને સર્વે મુમુક્ષુઓને ઘણો આનંદ થયો હતો ને જૈનધર્મના જયનાદ ગાજી ઉઠયા હતા.

અહો જીવો! આવું ભદ્રરૂપ કલ્યાણકારી જિનશાસન પામીને તમે આનંદિત થાઓ. આવું જિનશાસન પામીને હવે બીજે ક્યાંય હિતને માટે ભટકવાનું છોડીને, જિનમાર્ગમાં જ એકતાન થઈને આત્મહિતને સાધો. આત્મહિતનો આ અમૂલ્ય સોનેરી અવસર છે.

'जैनं जयतु शासनम्' ('સુવર્ણસન્દેશ' માંથી સાભારઃ વીર સં. ૨૪૮૮)

# મોક્ષમાર્ગમાં વીતરાગી ચારિત્રના ચમકારા

**જેમ સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન વગર મોક્ષ નથી હોતો–તે પરમ સત્ય છે, તેમ એ પણ એટલું જ સત્ય છે કે વીતરાગી ચારિત્ર વગર મોક્ષ હોતો નથી. એટલે મોક્ષાર્થીને સમ્યગ્દર્શનની જેમ સમ્યક્ચારિત્ર પણ અત્યંત વહાલું છે.**

જેણે સર્વ કષાયોથી અત્યંત જુદા એવા ઉપયોગસ્વભાવને જાણીને સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાન કર્યું છે તેને પછી વીતરાગભાવની વૃદ્ધિ થતાં શ્રાવકપણું તથા મુનિપણું હોય છે; તેમાં ચારિત્રના વીતરાગી ચમકારથી આત્મા શોભી ઊઠે છે.

શુભ–અશુભ, પુણ્ય–પાપ, હર્ષ–શોક તે બધા સંસારના દ્વંદ છે; તે બધાયથી ભિન્ન ચેતનાસ્વરૂપ આત્મા છે. એવા આત્માને જાણવો–શ્રદ્ધવો–ધ્યાવવો તે જ શાસ્ત્રની લાખો વાતોનો સાર છે; માટે આવો નિશ્ચય કરીને અંતરમાં તમે સદા આત્માને ધ્યાવો–એમ કહ્યું. આ રીતે પ્રથમ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની આરાધના જેણે પ્રગટ કરી છે તેને મોક્ષમાર્ગમાં આગળ વધતાં શું થાય છે! કે ચારિત્રના ચમકાર થાય છે. કેવા ચમકાર થાય છે? તેનું આ વર્ણન છે.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં જે આત્મસ્વરૂપ અનુભવમાં આવ્યું છે તે જ્ઞાનાનંદસ્વરૂપમાં એકાગ્ર થતાં આત્મશાંતિ વધે ને રાગાદિ કષાયભાવો છૂટે, તેના પ્રમાણમાં ચારિત્રદશા હોય છે. તે ચારિત્ર રાગરૂપ નથી પણ વીતરાગભાવરૂપ છે, તેમાં કષાય નથી પણ પરમ શાંતિ છે; તે સ્વર્ગના ભવનું કારણ નથી પણ મોક્ષનું કારણ છે. આવી ચારિત્રદશા સાથે તે ભૂમિકામાં જે રાગ બાકી રહી જાય તે અત્યંત મર્યાદિત હોય છે.

ચોથાગુણસ્થાને અંશે વીતરાગભાવ થયો છે પણ વ્રતભૂમિકાને યોગ્ય વીતરાગભાવ હજી ત્યાં નથી હોતો તેથી તેને 'અવિરત' કહેવાય છે. ચોથા ગુણસ્થાને સમ્યગ્દ્રષ્ટિને અનંતાનુબંધી ક્રોધ–માન–માયા–લોભના અભાવરૂપ 'સ્વરૂપાચરણ' તો છે, તથા તેટલી આત્મશાંતિ તો નિરંતર વર્તે છે; પણ હિંસાદિ પાપોના નિયમથી ત્યાગરૂપ ચારિત્ર શ્રાવકને તથા મુનિઓને હોય છે. તેમાં શ્રાવકને પાંચમાગુણસ્થાને જોકે એકદેશચારિત્ર હોય છે, છતાં સર્વાર્થસિદ્ધિના દેવો કરતાંય તે વધારે સુખી છે. –અહો, ચારિત્રદશા કેવી મહિમાવંત છે!

ચારિત્રમાં સમ્યક્પણું સમ્યગ્દર્શન–જ્ઞાન વગર આવે નહિ; આ અપેક્ષાએ સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાનને સમ્યક્ચારિત્રનાં કારણ કહ્યાં છે. સમ્યગ્દર્શન વગરનાં એકલા બાહ્ય ક્રિયાકાંડો કે શુભરાગરૂપ વ્રતો તે કાંઈ સાચું ચારિત્ર નથી, એટલે તે કાંઈ મોક્ષમાર્ગમાં કામ આવતું નથી; એવું રાગરૂપ ચારિત્ર તો અજ્ઞાનસહિત જીવે અનંતવાર કરી લીધું છે. આઠ કષાયના અભાવરૂપ એકદેશ વીતરાગીચારિત્ર (દેશચારિત્ર) સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે; ને પછી સકલચારિત્ર તો બાર કષાયના અભાવવાળા નિર્ગ્રંથ–દિગંબર મુનિઓને જ હોય છે. આવું ચારિત્ર તે મોક્ષનું કારણ છે; એનો મહિમા અપાર છે.

ચારિત્ર વગર મોક્ષ થાય નહિ–એ વાત તદ્ન સાચી છે. –પણ તે ચારિત્ર કયું ? કે ઉપર કહ્યું તેવું વીતરાગી. ચૈતન્યસ્વરૂપમાં એકાગ્રતાથી જ વીતરાગભાવરૂપ ચારિત્ર થાય છે. –આવા ચારિત્રનું સ્વરૂપ ઓળખીને સમ્યગ્દર્શન–જ્ઞાન પછી પરિણામની શુદ્ધતાઅનુસાર દ્રઢચારિત્ર ધારણ કરવું. વધારે શક્તિ ન હોય તો ઓછું ચારિત્ર લેવું પણ ચારિત્રમાં શિથિલાચાર ન રાખવો. દ્રઢ પાલનપૂર્વક તેમાં આગળ ને આગળ વધાય તેમ કરવું.

ધર્મી–શ્રાવકોને જોકે મુનિ જેવું ચારિત્ર નથી હોતું પરંતુ તેને ભાવના તો મુનિપણાની હોય છે. તેની ભાવનાપૂર્વક તે હિંસાદિ પાપોને નિયમપૂર્વક છોડીને અહિંસાદિક વ્રતોનું પાલન કરે છે.

જિજ્ઞાસુએ એ વાત ધ્યાનમાં રાખવી કે વ્રતોનું પાલન સમ્યગ્દર્શન સહિત હોય તો જ સાચું છે, અને તેમાં પણ જેટલી શુદ્ધતા ને વીતરાગભાવ છે તેટલું જ મોક્ષનું કારણ છે, જેટલો શુભરાગ છે તે પુણ્યકર્મના બંધનું કારણ છે, તે મોક્ષનું કારણ નથી.

અહા, ચૈતન્યસાધનામાં મશગુલ મુનિઓની તો શી વાત! તેઓ તો અતીન્દ્રિય આનંદમાં ઘણા મશગુલ છે, મહાવ્રતી છે; તેમને માત્ર પાણીમાં રેખા જેવો અતિ મંદ સંજ્વલન કષાય રહ્યો છે, ૧૨ કષાયના અભાવથી અતીન્દ્રિય શાંતિ ઘણી વધી ગઈ છે; શ્રાવક મુનિથી જરાક નાનો છે; પરંતુ તેનેય ચૈતન્યની અતીન્દ્રિયશાંતિનું નિર્વિકલ્પ વેદન અવારનવાર થયા કરે છે. આવા વ્રતધારી પંચમગુણસ્થાની આત્મઅનુભવી અસંખ્યાત શ્રાવકો અઢીદ્વીપ બહાર છે, તે બધા તિર્યંચ (સિંહ–વાઘ–માછલા વગેરે) છે. જો કે, ત્યાં તિર્યંચ (પંચેન્દ્રિય સંજ્ઞી) માં અસંખ્યાતમા ભાગે સમ્યગ્દ્રષ્ટિ જીવો છે–છતાં તે અસંખ્યાત છે, ને શ્રાવકો પણ અસંખ્યાત છે. મનુષ્યોનું ગમન અઢીદ્વીપ બહાર હોતું નથી, પણ તિર્યંચો તો અઢીદ્વીપ બહાર અસંખ્યાતા સમ્યગ્દ્રષ્ટિ–શ્રાવક છે.

અસંખ્યાત મિથ્યાદ્રષ્ટિ વચ્ચે એક સમ્યગ્દ્રષ્ટિ, છતાં એવા સમ્યગ્દ્રષ્ટિ ને વ્રતીશ્રાવક અસંખ્યાતા છે. પંચમગુણસ્થાનવર્તી તિર્યંચને પણ શ્રાવક કહેવાય છે. મનુષ્ય કરતાં તિર્યંચમાં ઝાઝા શ્રાવકો છે. સંમૂર્છન સિવાયના ગર્ભજ મનુષ્યો તો સંખ્યાતા જ છે ને તેમાં પણ સમ્યગ્દ્રષ્ટિઓ અને શ્રાવકો તો ઓછા હોય છે. આમ છતાં મનુષ્યમાં સમ્યગ્દ્રષ્ટિજીવોની સંખ્યા અબજોની હોવાનું શાસ્ત્રમાં કહ્યું છે. અઢીદ્વીપની બહાર જે અસંખ્ય દ્વીપ–સમુદ્રો છે તેમાં તો ભોગભૂમિની રચના છે, એટલે ત્યાં ઉપજેલા જીવોને વ્રત કે શ્રાવકપણું હોતું નથી; પણ છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્રમાં કર્મભૂમિ જેવી રચના છે, તેમાં રહેલા તિર્યંચોને પંચમગુણસ્થાનનું શ્રાવકપણું થઈ શકે છે. તે વ્રતી–શ્રાવક તિર્યંચો સામાયિક પણ કરે છે, તેમને સામાયિક વ્રત હોય છે. કાંઈ અમુક શબ્દો બોલવા એનું જ નામ સામાયિક નથી, પરંતુ અંદરમાં અકષાયભાવ થતાં ચૈતન્યમાંથી સમતારસના ઝરણાં ઝરે છે–તેનું નામ સામાયિક છે. સમતાભાવરૂપ આત્મપરિણતિ થઈ ગઈ તે જ સામાયિક છે. વાહ, સમ્યગ્દર્શન પછી તિર્યંચને પણ સામાયિક હોય; દરિયામાં માછલાંને પણ સામાયિક હોય, સિંહને પણ સામાયિક હોય! જુઓને, રાજા રાવણનો હાથી–ત્રિલોકમંડન (જેને રામ અયોધ્યા લઈ આવ્યા હતા) તે પણ જાતિસ્મરણ અને સમ્યગ્દર્શનસહિત વ્રતધારી શ્રાવક થયો હતો. મહાવીરના આત્માને સિંહના ભવમાં સમ્યગ્દર્શન થયું અને વ્રતધારી શ્રાવક થઈને તેણે સમાધિમરણ કર્યું.

પંચમગુણસ્થાની શ્રાવક ગૃહસ્થી પણ હોઈ શકે, તેને સ્ત્રી–પુત્રાદિ પણ હોય; કોઈ સ્ત્રી પણ શ્રાવિકા હોય, તે રસોઈ વગેરે પણ કરે, તેમાં આરંભજનિત અમુક હિંસા પણ થતી હોય. પરંતુ ત્રસજીવને સંકલ્પથી મારવાના ભાવ તેને હોય નહિ. માંકડ કે ઉંદર વગેરેને પણ તે જાણી બુઝીને મારે નહિ. અરે, સામાન્ય દયાળુ સજ્જનને પણ એવા ક્રૂર પરિણામ ન હોય; શ્રાવક તો અત્યંત કરુણાવંત દયાળુ હોય છે; કોઈને દુઃખ દેવાની વૃત્તિ એને હોતી નથી. એક કીડીને પણ મારી નાંખું કે દુઃખ દઉં એવી વૃત્તિ શ્રાવકને હોય નહિ. પાણી વગેરે સ્થાવરજીવોની હિંસા થાય–એવી પ્રવૃત્તિ પણ વગર પ્રયોજને શ્રાવક કરે નહિ. એ જ રીતે અસત્ય વગેરે પાપોથી પણ તેનું ચિત્ત પાછું હટી ગયું છે. ઘણો અકષાયી સમતાભાવ તેને વર્તે છે. અહા, જૈનનું શ્રાવકપદ કેવું ઊંચું છે! તેની જગતને ખબર નથી. એના ચારિત્રના વીતરાગી ચમકારા કોઈ અનેરા હોય છે.

સમ્યગ્દર્શન થતાં પોતાના આત્માને સિદ્ધસમાન અનુભવ્યો, અને સર્વે જીવો પરમાર્થે સિદ્ધસમાન ભાસ્યા; ત્યાં અનંતાનુબંધીકષાયના અભાવરૂપ સમભાવ થઈ

ગયો, તે ધર્માત્મા કોઈને પોતાનો વિરોધી કે દુશ્મન માનતો નથી, એટલે કોઈને મારી નાખવાની બુદ્ધિ તેને હોતી નથી. તે ઉપરાંત પાંચમું ગુણસ્થાન થતાં તો સમભાવ ઘણો વધી જાય છે ને કષાયો ઘણા છૂટી જાય છે. કોઈ જીવને મારવાની કે દુઃખ દેવાની વૃત્તિ તેને ન રહે; બીજા પ્રાણીનો વધ થાય કે તેને દુઃખ ઊપજે એવા કઠોર વચન પણ તે ન બોલે. ધર્મની નિંદાનાં વચન કે ઘાતકવચન તે અસત્ય છે, ધર્મીને તે શોભે નહિ. હાલતાંચાલતાં વગર પ્રયોજને જૂઠું બોલે-એવું શ્રાવકને હોય નહિ. એ જ રીતે વ્રતી શ્રાવક પારકી વસ્તુને ચોરે નહિ, પરસ્ત્રીથી અત્યંત વિરક્ત રહે, ને સ્વસ્ત્રીમાં પણ મર્યાદા હોય. તથા દેશકાળઅનુસાર પરિગ્રહની મર્યાદા રાખે.-જો કે સ્થૂળપણે હિંસાદિ પાપોનો ત્યાગ તો સાધારણ સજ્જનને પણ હોય, પરંતુ આ શ્રાવકને તો નિયમપૂર્વક તેનો ત્યાગ હોય છે; પ્રાણ જાય તોય તેમાં દોષ લાગવા ન દ્યે; એ રીતે તેને ગુણની શુદ્ધિ વધી ગઈ છે. જ્ઞાનમાં-સ્થિરતામાં-શાંતિમાં-વીતરાગતામાં તે સર્વાર્થસિદ્ધિના દેવ કરતાંય આગળ વધી ગયો છે. ચારિત્રના ચમકારથી તેનો આત્મા મોક્ષમાર્ગમાં શોભી રહ્યો છે.

જુઓ, આ જૈનની શ્રાવકદશા! હું શુદ્ધ આનંદચેતનારૂપ છું-એવા અનુભવપૂર્વકના વીતરાગભાવની આ વાત છે,-જ્યાં અનંતાનુબંધી તેમજ અપ્રત્યાખ્યાનના ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ-કષાયો સર્વથા છૂટી ગયા છે ત્યાં હિંસાદિ પાપોનો સાચો ત્યાગ છે, ને તેને સાચાં વ્રત હોય છે. તેના વ્રતમાં રાગ વગરની અલૌકિક શાંતિ હોય છે. આવું પાંચમું ગુણસ્થાન નરકમાં કે સ્વર્ગમાં હોતું નથી; તિર્યંચને પાંચમા ગુણસ્થાન સુધીની દશા હોય છે. છઠ્ઠું નથી હોતું; મનુષ્યને બધા (૧૪) ગુણસ્થાનો હોય છે, તેથી તે ઉત્તમ છે.

સમ્યક્ત્વાદિ ગુણોવડે જીવની શોભા છે; સમ્યક્ત્વ ઉપરાંત ચારિત્રદશાથી જીવ વિશેષ શોભે છે. અહો જીવો! રાગમાં શોભા નથી, વીતરાગતામાં જ શોભા છે. સમ્યગ્દર્શન સહિત જેટલી વીતરાગી-શુદ્ધતા થઈ તેટલા નિશ્ચય વ્રત છે, તેની સાથે અહિંસાદિ સંબંધી જે શુભરાગ રહ્યો તે વ્યવહારે વ્રત છે. વ્રતની ભૂમિકામાં વીતરાગી દેવ-ગુરુ-ધર્મની બરાબર ઓળખાણ હોય તથા તેમણે કહેલા આત્મસ્વરૂપના ભાનસહિત સમ્યગ્દર્શન હોય. એમાં જ જેની ભૂલ હોય, દેવ-ગુરુ-ધર્મ જ જેના ખોટા હોય, તેને વ્રત કેવાં? ને ચારિત્ર કેવું? એટલે કહ્યું કે-પરદ્રવ્યથી ભિન્ન આત્મસ્વરૂપની રુચિ તે સમ્યક્ત્વ, અને પોતાના સ્વરૂપને જાણવું તે સમ્યગ્જ્ઞાનકળા, -તેને લાખ ઉપાયે પણ ધારણ

કરો, અને પછી તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન ઉપરાંત પરિણામની શુદ્ધતાઅનુસાર દ્રઢપણે ચારિત્રનું પાલન કરો. મુનિનું ચારિત્ર થઈ શકે તો તે ઉત્તમ ચારિત્ર પાળો, અને ઓછી શક્તિ હોય તો શ્રાવકને યોગ્ય એકદેશચારિત્રનું પાલન કરો. –જે ચારિત્ર લ્યો તેનું દ્રઢપણે પાલન કરો, તેમાં શિથિલતા ન રાખો. પોતાના પરિણામની શુદ્ધતા વિચાર્યા વગર ચારિત્ર કે વ્રત લઈ લ્યે ને પછી તેમાં શિથિલતા રાખે–તે જૈનધર્મમાં શોભે નહિ. તારાથી મોટું ચારિત્ર ન પાળી શકાય તો નાનું ચારિત્ર પાળજે, પણ મોટું નામ ધારણ કરીને શિથિલાચાર વડે તું ચારિત્રને લજવીશ નહીં. શુદ્ધતા સહિત ચારિત્રનું પાલન થાય તે તો ઘણું ઉત્તમ અને પૂજનીય છે. સમ્યગ્દ્રષ્ટિ–ઇન્દ્ર પણ ચારિત્રવંતના ચરણે નમે છે.

અણુવ્રતી–શ્રાવકને પંચમગુણસ્થાને સ્થૂળ હિંસાદિ પાપોનો તો સર્વથા ત્યાગ થઈ ગયો છે; અને જે સૂક્ષ્મ હિંસાદિ રહી ગયા છે તેણે પણ તે પાપ સમજે છે, તેને કાંઈ તે કરવા જેવું નથી માનતો. તે પાપોનો તેને ખેદ છે ને સર્વસંગત્યાગી મુનિપદની ભાવના છે. તે અણુવ્રતી–શ્રાવક પ્રાણ જાય તોપણ પારકી વસ્તુને ચોરતો નથી; સંસાર સંબંધી સમસ્ત પરસ્ત્રી પ્રત્યે તેનું ચિત્ત સર્વથા વિરક્ત છે, તેને પરસ્ત્રીના સેવનનો વિકલ્પ પણ ન આવે; દેવાંગનાને દેખીને પણ તેનું ચિત્ત લલચાય નહિ, –એટલો નિર્વિકલ્પ શાંતિનો સ્વાદ તેને નિરંતર વર્તે છે.

તેણે પરિગ્રહની મમતા છોડીને તેની મર્યાદા કરી નાંખી છે. મર્યાદા બહારના કોઈ પરિગ્રહની વૃત્તિ જ તેને ઊઠતી નથી; અત્યારે તો જુઓને, ધનને ખાતર લોકો કેવી અનીતિ ને અન્યાય પ્રવૃત્તિ કરે છે? ધર્મી–શ્રાવકને એવું હોય નહિ; તે સોનાના ગંજ દેખે કે હીરાના ઢગલા દેખે–છતાં તે લેવાની વૃત્તિ પણ ન ઊઠે–એટલી નિષ્પરિગ્રહતા તેને થઈ ગઈ છે, એટલે બહારમાં તેવો ત્યાગ સહજ હોય છે. શ્રદ્ધા–જ્ઞાનમાં તો સર્વે સમ્યગ્દ્રષ્ટિજીવોએ સર્વે પરદ્રવ્યને પોતાથી સર્વથા ભિન્ન જાણ્યા છે, તેમાં એક રજકણ–માત્રનું સ્વામીત્વ તેમને રહ્યું નથી; તે ઉપરાંત સ્થિરતાવડે બે કષાયોનો અભાવ થતાં પરિગ્રહની મમતા ઘણી છૂટી ગઈ છે; જે મર્યાદિત પરિગ્રહ છે તેની અલ્પ મમતાને પણ પાપ સમજે છે, ને શક્તિ વધારીને તેનો પણ ત્યાગ કરવા માંગે છે.

એ રીતે શ્રાવક–શ્રાવિકા પોતાના અણુવ્રતોમાં દ્રઢ રહે છે. જુઓને, સુદર્શન–શ્રાવક ઉપર કેવા–કેવા પ્રસંગ આવ્યા! છતાં પોતાના શીલવ્રતથી તેઓ જરાપણ ન ડગ્યા તે ન જ ડગ્યા. રાણીએ તેના ઉપર ભયંકર આળ નાંખીને મરણ જેવો ઉપસર્ગ કર્યો, અનેક પ્રકારે હાવભાવથી લલચાવ્યા, છતાં તેઓ શીલવ્રતમાં દ્રઢ રહ્યા. એ જ રીતે

સીતાજી–ચંદના વગેરે સતીઓએ પણ કેવા–કેવા મહાન ધૈર્યપૂર્વક પોતાના શીલવ્રતમાં અડગતા રાખી છે! એમના દાખલા જગતમાં પ્રસિદ્ધ છે. આવા મહાપુરુષોના ઉદાહરણવડે ધર્મીજીવ પોતાના વ્રતોમાં દ્રઢતા કરે છે. પ્રાણ જાય તો ભલે જાય, પણ ધર્મીજીવ પોતાનાં વ્રતને તોડે નહિ, ધર્મથી ડગે નહિ.

વાહ, જુઓ આ ધર્મી–શ્રાવકનાં વ્રતો! આવાં વ્રત સમ્યગ્દર્શનપૂર્વક જ હોય છે. જેમાં રાગ–દ્વેષના એક કણનો પણ સ્વીકાર નથી એવા પોતાના પૂર્ણ ચૈતન્યસ્વભાવની સન્મુખ થઈને મિથ્યાત્વના મહા પાપને તો જેણે છોડયું છે, તે ઉપરાંત અસ્થિરતાના અલ્પ પાપોથી પણ છૂટવાની આ વાત છે. જેના અભિપ્રાયમાં રાગનો સ્વીકાર છે, રાગના કોઈપણ પ્રકારથી જે ચૈતન્યને લાભ માને છે તેને તો વીતરાગતા કેવી? –ને વીતરાગતા વિના વ્રત કેવાં? તેણે તો હજી રાગથી જુદા ચૈતન્યસ્વભાવને જાણ્યો જ નથી તો તે રાગને છોડશે ક્યાંથી? ને ચૈતન્યમાં ઠરશે ક્યાંથી? –માટે ભેદવિજ્ઞાન જ ચારિત્રનું મૂળકારણ છે–એ વાત બરાબર સમજવી.

જ્યાં રાગના એક કણની પણ રુચિ છે ત્યાં વીતરાગી ચૈતન્યનો અનાદર છે, તેને ચારિત્રનો પણ અનાદર છે, એટલે મિથ્યાત્વ છે, અને તે ઘોર સંસારનું મૂળ છે. સમ્યગ્દ્રષ્ટિ તો આત્માના મોક્ષસ્વભાવને પ્રતીતમાં લઈને, વિકારના કોઈપણ અંશને પોતાના સ્વભાવમાં સ્વીકારતો નથી; પછી શુદ્ધતા વધતાં રાગનો ત્યાગ થતો જાય છે, તે મોક્ષનું કારણ છે; ને જીવદયા વગેરે સંબંધી શુભરાગ રહે તેટલું પુણ્યકર્મના બંધનું કારણ છે, તે મોક્ષનું કારણ નથી; આ રીતે મોક્ષ અને બંધ બંનેના કારણને તે ધર્મીજીવ ભિન્ન–ભિન્ન ઓળખે છે, તેમને એકબીજામાં ભેળવતો નથી.

અરે, અત્યારે તત્ત્વજ્ઞાન જીવોને દુર્લભ થઈ ગયું છે; અને તત્ત્વજ્ઞાન વગર મિથ્યાત્વના મહા અનર્થમાં ડુબેલા હોવા છતાં પોતાને વ્રતી–ચારિત્રી માનીને બીજા ધર્માત્માઓ પ્રત્યે તીરસ્કાર કરે છે, તે તો મહાન દોષમાં પડયા છે, જૈનધર્મની પદ્ધતિની તેને ખબર નથી. જૈનધર્મમાં તો એવી પદ્ધત્તિ છે કે પહેલાં તત્ત્વજ્ઞાન હોય ને પછી વ્રત હોય. સમ્યગ્દર્શન પહેલાં વ્રત–ચારિત્ર હોવાનું જે માને છે તે જૈનધર્મના ક્રમને જાણતો નથી.

અહા, રાગવગરના બેહદ ચૈતન્યસ્વભાવનું સમ્યગ્દર્શન થતાં અનંતગુણનો ભંડાર ખુલ્યો, મોક્ષનાં કિરણ ખીલ્યાં, અતીન્દ્રિયસુખની કણિકા પ્રગટી; તેની ભૂમિકા ચોખ્ખી થઈ ગઈ; હવે તેમાં ચારિત્રનું ઝાડ ઊગશે ને મોક્ષફળ પાકશે. સમ્યગ્દર્શનરૂપી

ભૂમિકા વગર ચારિત્રનું ઝાડ ક્યાંથી ઊગશે? –માટે મોક્ષમાર્ગમાં પ્રથમ સમ્યક્ત્વનો ઉપદેશ પ્રધાન છે. સમ્યગ્દર્શન વડે જ હિતનો પંથ શરૂ થાય છે; એના વગર શુભરાગ ગમે તેવો કરે તોપણ હિતનો પંથ જરાય હાથ આવતો નથી.

અહો, ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવી, તેના શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયના બેહદ સામર્થ્યની શી વાત? તેમાં રાગ ક્યાંય સમાય નહીં. આવા સુંદર પોતાના સ્વભાવને પોતામાં દેખ્યો ત્યાં દુનિયા સામે શું જોવું?

* દુનિયાના લોકો સારો કહીને વખાણ કરે તેથી કાંઈ લાભ થઈ જાય તેમ નથી.
* અને દુનિયાના લોકો ખરાબ કહીને નિંદા કરે તેથી કાંઈ અંદર નુકશાન થઈ જતું નથી.
* પોતાના સ્વભાવની સાધનાથી પોતાને લાભ છે, ને પોતાના વિભાવથી પોતાને નુકશાન છે.
* સ્વભાવમાં કે વિભાવમાં દુનિયા સાથે કાંઈ સંબંધ નથી.

ભાઈ, તારા ભાવને દુનિયાના લોકો માને કે ન માને તેથી તારે શું? તું રાગ–દ્વેષ–કષાયવડે આત્માની હિંસા ન કર, ને વીતરાગીશાંતિનું વેદન કર–એ જ તારું પ્રયોજન છે. અહા, જ્યાં ચૈતન્યનો પ્રેમ જાગ્યો ત્યાં કષાયો સાથે કટ્ટી થઈ; પ્રશસ્ત કે અપ્રશસ્ત બધા રાગભાવો તે કષાયમાં આવી ગયા, તેનાથી ચૈતન્યભાવને ભિન્ન જાણીને તેનો જેણે પ્રેમ કર્યો તેણે મોક્ષની સાથે મિત્રતા કરી. પછી તે ધર્માત્માને જે રાગ રહે તે ઘણા જ મંદ રસવાળો હોય છે, એટલે તેને તીવ્ર હિંસા–જાુઠું–ચોરી–અબ્રહ્મ કે પરિગ્રહનાં પાપ હોતા નથી. અહા, ધર્મી શ્રાવકનું જીવન તો કેવું હોય! જિનેશ્વરભગવંતનો દાસ, ને સંસારથી ઉદાસ; અંતરની ચૈતન્યલક્ષ્મીનો સ્વામી ને જગત પાસે અયાચક; જગત પાસેથી મારે કાંઈ જોઈતું નથી, મારી સુખ–સમૃદ્ધિનો બધો વૈભવ મારામાં જ છે–આવી અનુભૂતિની જેને ખુમારી છે, તે શ્રાવક જગતની નિંદા–પ્રશંસા સાંભળીને અટકી જતો નથી; લોકોનાં ટોળાં પ્રશંસા કરે તેથી કાંઈ આ જીવને ગુણ થઈ જતો નથી; –આમ જાણીને તે સમભાવી મધ્યસ્થપણે પોતાના હિત માર્ગે ચાલ્યો જાય છે.

જેનો ભાવ મોહ અને કષાયમાં જ વર્તે છે, દુનિયાના લોકો તેની પ્રસંશા કરે તોપણ તેથી તેને જરાય લાભ નથી.

અને જેનો ભાવ મોહાદિ રહિત શુદ્ધ વીતરાગરૂપ થયો છે, દુનિયાના લોકો તેની નિંદા કરે તોપણ તેથી તેને જરાય નુકશાન નથી.

અહા, જુઓ તો ખરા આત્માની સ્વાધીનતા! પોતાના ભાવ ઉપર જ બધો આધાર છે. પોતાના ભાવમાં શુદ્ધતા તે જ શાંતિનો લાભ છે; ને પોતાના ભાવમાં અશુદ્ધતા તે જ નુકશાન છે. એ સિવાય લાભ–નુકશાન કરવાની જગતમાં બીજા કોઈની તાકાત નથી. જેટલી સ્વભાવની સેવા તેટલો લાભ, અને જેટલું વિભાવનું સેવન તેટલું નુકશાન. એટલે બીજા કોઈ લાભ–નુકશાનના કરનાર ન હોવાથી તેના ઉપર રાગ–દ્વેષ કરવાનું ન રહ્યું, પોતાના ભાવમાં જ શુદ્ધતા કરવાનું રહ્યું. ભાવોમાં શુદ્ધતા થતાં થતાં ધર્મીને હિંસાદિ ભાવો છૂટતા જાય છે, ને અહિંસાદિ વ્રતો પ્રગટે છે; તે અનુસાર તેને શ્રાવકદશા કે મુનિદશા હોય છે.

મોક્ષના મહા આનંદમાર્ગે ચાલનારા ધર્માત્માઓની દશા કોઈ અદ્‌ભુત હોય છે; જગતથી એની દશા ન્યારી છે. રાગ વગરના એના જ્ઞાનમાં કોઈ અલૌકિક વિચક્ષણતા હોય છે, તે જ્ઞાન પોતાના હિતને ક્યારેય ચુકતું નથી; વીતરાગીચારિત્રના ચમકારા કરતું કરતું તે ભવબંધન તોડીને મોક્ષમાં ચાલ્યું જાય છે.

**અહો તે ચારિત્રવંત વીતરાગસંતોને નમસ્કાર હો.**

## જૈનધર્મનો પ્રસાદ

હું દુઃખી તો ઘણા ભવમાં થયો. બસ, હવે આ ભવ દુઃખી થવા માટે નથી;

આ ભવ તો સુખી થવા માટે છે. દુઃખનો અંત કરીને હવે તો સાદિ અનંત સુખી જ રહેવાનું છે.

–આ આપણા જૈનધર્મનો ને શ્રી ગુરુનો પ્રસાદ છે, કે તેના સેવનથી દુઃખ મટીને પરમ સુખ થાય છે.

## જિન-ઉપાસના

જિનપૂજામાં કોઈ દીનતા નથી, યાચના નથી, પણ હે જિન! આપના જેવો હું થાઉં એવી વીતરાગપદની ભાવના છે! આવી ભાવનાવડે પૂજક પોતાને પૂજ્યરૂપ બનાવવા ચાહે છે. ‘જેવા પ્રભુ છે તેવો હું છું’ –એમ આત્મિકગુણોની પ્રધાનતા છે, ને એવા આત્મિકગુણોના લક્ષે જ અરિહંતપ્રભુની સાચી ઉપાસના થાય છે.

## ક્રિયાઃ કોણ સ્થાપે છે ? - કોણ ઉથાપે છે ?

### જ્ઞાની સ્થાપે છે

૧. શરીરની ક્રિયા તે પુદ્‌ગલ-પરમાણુઓની અવસ્થા છે અને પરમાણુઓ સ્વતંત્રપણે પરિણમે છે અર્થાત્ શરીરની તે અવસ્થારૂપ થાય છે. આત્મા તેનો ખરેખર કર્તા નથી, એમ જ્ઞાનીઓ જ શરીરની ક્રિયાને જેમ છે તેમ સ્થાપે છે.

૨. પુણ્યક્રિયા તે જીવનો વિકારભાવ છે, તે ક્રિયાથી આત્માનો અવિકારી ધર્મ પ્રગટે નહિ તેમ જ તે ક્રિયા ધર્મમાં મદદ કરે નહિ-એમ જ્ઞાનીઓ જ પુણ્યક્રિયાને પુણ્યની ક્રિયા તરીકે સ્થાપે છે.

૩. આત્માની અવિકારી ક્રિયા તે ધર્મ છે, તે ક્રિયા આત્માના જ અવલંબને પ્રગટે છે, તેમાં કોઈ બીજાનું અવલંબન નથી તેમ જ પુણ્યની ક્રિયાથી તે અવિકારી ક્રિયા પ્રગટતી નથી-એમ જ્ઞાનીઓ જ અવિકારી ક્રિયાને બરાબર સ્થાપે છે.

### અજ્ઞાની ઉથાપે છે

૧. શરીરની ક્રિયા આત્માથી થાય છે, પણ એની મેળે સ્વતંત્ર થતી નથી-એમ માનીને અજ્ઞાનીઓ જ શરીરની સ્વતંત્ર ક્રિયાને ઉથાપે છે, કેમકે તેઓ પુદ્‌ગલ પરમાણુઓની સ્વતંત્ર ક્રિયાને સ્થાપતા નથી.

૨. પુણ્ય-ક્રિયા અર્થાત્ શુભરાગરૂપ વિકારી ક્રિયાથી ધર્મ થાય અથવા તો તે કરતાં કરતાં ધર્મ થાય એમ માનીને અજ્ઞાનીઓ જ પુણ્યની ક્રિયાને ઉથાપે છે; કેમકે પુણ્ય તે વિકારી ક્રિયા છે, છતાં તેઓ વિકારી ક્રિયાને વિકારી ક્રિયા તરીકે સ્થાપતા નથી.

૩. આત્માની અવિકારી ક્રિયા પુણ્ય કરતાં કરતાં થાય અથવા તો કંઈક પરાવલંબન જોઈએ-એમ માનીને અજ્ઞાનીઓ જ અવિકારી ધર્મ-ક્રિયાને ઉથાપે છે; કેમકે પુણ્યની અપેક્ષા રહિત નિરાવલંબી અવિકારી ધર્મક્રિયા છે તેને તેઓ સ્થાપતા નથી.

## શું કરવું ?

ઘણા જીવોને પ્રશ્ન થાય છે કે ધર્મ કરવા અમારે શું કરવું ? તેનો ઉત્તર નીચેની માત્ર આઠ લાઈનમાં ગુરુદેવ સ્પષ્ટ સમજાવે છે -

જ્ઞાની કે અજ્ઞાની-કોઈ જીવ પરમાં એક પરમાણુ માત્રને હલાવવાનું સામર્થ્ય ધરાવતો નથી, એટલે પોતાની ભિન્ન જડ દેહાદિની ક્રિયામાં આત્માનું કર્તૃત્વ નથી. જ્ઞાની ને અજ્ઞાનીમાં આકાશ-પાતાળ જેવડો મહાન તફાવત છે, અને તે એ છે કે અજ્ઞાની પરદ્રવ્યનો રાગ-દ્વેષનો કર્તા થાય છે, અને જ્ઞાની પોતાને શુદ્ધ અનુભવતો થકો તેમનો કર્તા થતો નથી. પરથી ભિન્ન પોતાના એકત્વની અનુભૂતિવડે જ પરના કર્તૃત્વનો મિથ્યાઅભિપ્રાય છૂટે છે, અને તેનો જ મહાન પ્રયત્ન દરેક જીવે કરવાનો છે. તે કર્તૃત્વબુદ્ધિ છૂટયા વગર પરિભ્રમણ છૂટશે નહિ; માટે સ્વ-પરનું ભેદજ્ઞાન કરીને, પરના કર્તૃત્વની બુદ્ધિ છોડો. સુખી થવા માટે આ જ કરવાનું છે.

# પંચકણિકા

પચ્ચીસવર્ષ પહેલાં એકવાર ગુરુદેવે પ્રવચનમાં નીચેના પાંચ બોલના વિવેચન દ્વારા જીવનું સાચું કર્તવ્ય અતિ સુગમ રીતે સમજાવ્યું હતું. ઘણા જિજ્ઞાસુઓએ તે પાંચ બોલ મોઢે કર્યાં હતા; તે ઉપયોગી હોવાથી અહીં આપવામાં આવ્યા છે -

૧. હે જીવ ! આજસુધી તેં કોઈ બીજાને [ જીવને કે જડને ] કિંચિત્માત્ર લાભ કે નુકશાન કર્યું નથી.
૨. આજસુધી કોઈ બીજાએ [ જડે કે જીવે ] કિંચિત્માત્ર તને લાભ કે નુકશાન કર્યું નથી.
૩. આજસુધી તેં અજ્ઞાનથી તારા માટે એકલો નુકશાનનો જ ધંધો કર્યો છે, એટલે તું દુઃખી થયો છે.
૪. તે નુકશાન તારી ક્ષણિક અવસ્થામાં થયું છે; તારો સ્વભાવ નાશ થઈ ગયો નથી, એટલે નુકશાનનો ધંધો છોડીને સાચા જ્ઞાનવડે આત્માના લાભનો ધંધો થઈ શકે છે.
૫. તારી ચૈતન્યવસ્તુનો સ્વભાવ અવિનાશી સુખથી ભરેલો છે; તે સ્વભાવને લક્ષમાં લઈને સ્વસન્મુખ પરિણમતાં જ અનાદિનો નુકશાનનો ધંધો ટળીને સમ્યક્ત્વાદિનો સુખનો અપૂર્વ લાભ થાય છે.

---

* સૌએ લક્ષમાં લેવા જેવું -વીતરાગી જિનમંદિરમાં રાત્રે કે વહેલી સવારે-પરોઢિયે અષ્ટદ્રવ્યથી પૂજન થાય નહિ; તેમજ સામગ્રી ધોવી કે અભિષેક કરવો તે પણ યોગ્ય નથી. સૌ મુમુક્ષુમંડળોએ આ પ્રમાણે જિનમંદિરોમાં પૂજનપદ્ધત્તિ કરવી જોઈએ. પૂ. ગુરુદેવે પણ પ્રવચનમાં કહેલ કે રાત્રે આવી ક્રિયાઓ કરવી તે માર્ગ નથી. રાત્રિભોજનાદિ પણ જૈનગૃહસ્થને શોભે નહિ; તેમાં ત્રસહિંસા-સંબંધી તીવ્રકષાય હોવાથી, જૈનમાર્ગમાં ખૂબ ભારપૂર્વક તેનો નિષેધ છે. વીરનાથના મોક્ષગમનનું અઢીહજારમું વર્ષ ચાલે છે ત્યારે જૈનસમાજ જાગૃત બને, ને જ્ઞાનશુદ્ધિ સાથે ક્રિયાશુદ્ધિ વડે પણ જૈનધર્મની પ્રભાવના વધારે એ સૌનું કર્તવ્ય છે. ( જૈન મંદિરોના કંપાઉંડમાં કર્મચારી-અન્યમતિ લોકો ધુમ્રપાન કરતા હોય ત્યાં તે પણ સદંતર અટકાવવું જરૂરી છે. )

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ. સોનગઢ ( સૌરાષ્ટ્ર ) જેઠ
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત ૩૧૦૦